Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

શ્રી

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૦ મું :: અંક ૬ ઠ્ઠો

વીર સંવત ૨૪૭૦ ❋ વિક્રમ સંવત ૨૦૦૦

ચૈત્ર

પ્રગટકર્તા—
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

બહારગામ માટે બાર અંક ને ભેટના પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦

પુસ્તક ૬૦ મું } ચૈત્ર { વીર સં. ૨૪૭૦
અંક ૬ ઠ્ઠો } { વિક્રમ સં. ૨૦૦૦

## अनुक्रमणिका


૧. નૂતન વર્ષાભિલાષ ... ... ( વિજયચંદ મોહનલાલ શાહ ) ૧૬૧
૨. નૂતન વર્ષાભિનંદન ... ... ( મગનલાલ મોતીચંદ શાહ ) ૧૬૨
૩. માનવદેહ ... ... ... ... ( રાજમલ ભંડારી ) ૧૬૩
૪. શ્રી મહાવીર ગુણોત્કીર્તન ... ( વિજયચંદ મોહનલાલ શાહ ) ૧૬૪
૫. શ્રી મહાવીર જન્મોત્સવ ... ( મગનલાલ મોતીચંદ શાહ ) ૧૬૪
૬. શ્રી પ્રશ્નસિંધુ : ૬ ... ... ... ( આ. શ્રી વિજયપદ્મસૂરિ ) ૧૬૫
૭. શ્રી આનંદઘનનું દિવ્ય જિનમાર્ગદર્શન ... ( ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા M. B. B. S. ) ૧૭૦
૮. ગમ ખાના, કમ ખાના, દમ ખાના ... ... ... ( કુંવરજી ) ૧૭૬
૯. સંતોષ ... ... ... ... ... ... ( ,, ) ૧૭૭
૧૦. પ્રશ્નોત્તર ... ... ( પ્રશ્નકારઃ-હિંમતલાલ હઠીચંદ માસ્તર–બોટાદ ) ૧૭૮
૧૧. ક્ષમા અને દિલાવર દિલ ... ( સ્વ. અમીચંદ કરશનજી શેઠ ) ૧૮૧
૧૨. સ્યાદ્વાદ સંબંધી સાહિત્ય : ૨ ( પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ. ) ૧૮૨
૧૩. પ્રભાવિક પુરુષો : પટ્ટધરબેલડી : ૯ ... ( મોહનલાલ દીપચંદ ચોકસી ) ૧૮૫
૧૪. ઉપદેશક પદ્ય ૧૮૮
૧૫. શ્રી તત્ત્વાર્થ સૂત્ર–સાનુવાદ : આઠમો અધ્યાય ( મુનિશ્રી રામવિજયજી ) ૧૮૯
૧૬. ભરતચક્રીને જાગૃત રાખનાર વાક્ય ... ... ... ( કુંવરજી ) ૧૯૨


## નવા સભાસદો

| | | |
|---|---|---|
| શાહ કીરચંદ વાલજી | લાઈફ મેમ્બર | ધોરાજી |
| શાહ અમૃતલાલ પરમાણંદ | ,, | ઘાટકોપર |
| શાહ જીવનલાલ અબજીભાઇ જ્ઞાનભંડાર | ,, | વઢવાણ |
| શાહ મણિલાલ હીરાચંદ | ,, | ખેડા |
| શાહ શાંતિલાલ અમૃતલાલ | ,, | વલસાડ |
| શાહ લક્ષ્મીચંદ ફુલચંદ | વાર્ષિક મેમ્બર | ડભોઇ |
| વારૈયા ફતેહચંદ છગનલાલ | વાર્ષિકમાંથી લાઇફ મેમ્બર | પાલઘર |

### વી. પી. શરૂ કર્યાં છે.

'શ્રી જૈનધર્મ પ્રકાશ'ના ગ્રાહકોને અગાઉ જણાવ્યા મુજબ વી. પી. શરૂ કરી દીધેલ છે, તો વી. પી. આવ્યેથી સ્વીકારી લેશો. પ્રમાદથી પાછું વાળી જ્ઞાનખાતાને નુકશાન ન કરશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः

# જૈન ધર્મ પ્રકાશ.

પુસ્તક ૬૦ મું } ચૈત્ર { વીર સં. ૨૪૭૦
અંક ૬ ઠ્ઠો } { વિ. સં. ૨૦૦૦

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या । ( મુદ્રાલેખ )

## नूतनवर्षाभिलाषः ।

मासे मासे यदाविर्भवति जिनपतेर्धर्मसंवर्धनाय,
लोकानां प्रश्नवृन्दं प्रकटयति सहैवोत्तरेणेह यच्च ।
आत्मानन्दप्रकाशं ददतु शुभमिदं जैनधर्मप्रकाशं,
सत्त्वेभ्यः शं सदा तच्च बहु विजयचन्द्रस्य वाञ्छाऽस्ति चैषा ॥१॥

* * *

કરતું રહે જનતાતણા પ્રશ્નો સદૈવ પ્રકાશ તું,
કરતું રહે શાસ્ત્રીય ઉત્તરને તથૈવ પ્રકાશ તું;
કરતું રહે સૌના હૃદયમાં ધર્મનો જ પ્રકાશ તું,
બહુ જીવ તું બહુ જીવ તું હે જૈનધર્મપ્રકાશ ! તું ॥ ૧ ॥

* * *

पढकर मनन कर प्रेम से इस " जैनधर्मप्रकाश " को
क्रमशः सदुत्तमबोध से पाकर निजात्मविकाश को ।
जिनदिष्ट पथ पर चल सके जो इस मनुज अवतार में,
वे पायँगे सब "विजय-चन्द्र" समान इस संसार में ॥ १ ॥

માસ્તર વિજયચંદ મોહનલાલ શાહ-મુંબઈ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# नूतनवर्षाभिनंदनम्

अनुष्टुप्

**जैनधर्मप्रकाशस्तु, जयतु सर्वदा सदा ।**
**प्राप्नोतु दिव्यकीर्त्तिं च, सम्यग्भावनिरूपकाम् ॥ १ ॥**

હરિગીત

સુંદર સુવાસિત પુષ્પ સરખું, સુગંધી પ્રસરાવતું,
ધર્મ તત્ત્વ સમજાવીને, સદ્‌ભાવને વિકસાવતું;
સત્યનો પ્રકાશ કરીને, સ્વકાર્ય સિદ્ધ અપનાવતું,
નૂતન વર્ષના નવલા દિને, વિજય ધર્મ ગજાવતું. ૧

સમાજના સૌ અગ્રસ્થાને, રસિકતાથી શોભતું,
વર્ષ સાઠમાં પ્રવેશીને, પ્રબળ પ્રેરણા આપતું;
બળ અને અભિલાષ દેતું, મિથ્યાવાદને ટાળતું,
"જૈનધર્મ" નો ન્યાયવાદે, સાત્ત્વિક "પ્રકાશ" પાડતું. ૨

વિષયો મહત્ત્વના લખી, વિજ્ઞાપનો પણ બહુ કર્યાં,
શાસ્ત્રસિદ્ધ પ્રશ્નોત્તરોએ, વાચકતણાં હૃદયો ભર્યાં;
માનવજીવન ઉત્કર્ષ માટે, સુબોધો સુંદર ધર્યાં,
કાળદ્રવ્યની વિચારણાએ, પ્રેમના પાઠો ભર્યાં. ૩

તત્ત્વની કરી ચૂંટણી, પરમેષ્ઠી પદના ગુણો ધર્યાં,
આનંદઘનના ભાવને, વિસ્તારથી સન્મુખ કર્યાં;
પ્રાભાવિક પુરુષોતણાં, ચારિત્ર વાંચી મન ઠર્યાં,
મહિમા બતાવી દાનનો, વિસ્તારથી રંજન કર્યાં. ૪

પૂજ્ય મુનિવરોના લેખમાં, શુભ જ્ઞાન ને ક્રિયા મળી,
સાક્ષર જનોના લેખથી, ષડ્‌રસની સમૃદ્ધિ ભળી;
તંત્રીજીની લેખિનીમાં, સમભાવ સુંદરતા મળી,
એમ સાદ્યન્ત સર્વ રીતે જ, સર્વ સુંદરતા ભળી. ૫

સર્વોચ્ચતા, સુવાચ્યતા, સુરમ્યતા અવિચ્છિન્ન રહો,
નવયુગની પ્રધાનતાના, આદર્શો સૌ આવી મળો;
"શ્રી જૈન સભા" ની કીર્ત્તિનું, સાચું સ્મારક આ ગુણો,
નવ વર્ષમાં પ્રવેશતું, આ પત્ર જયવંતું રહો. ૬

**મગનલાલ મોતીચંદ શાહ-વઢવાણ કેમ્પ**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## मानवदेह ।

मीली है देह मानव की, महाभव-सिन्धू तिरने को ।
भूला कर ध्येय यह उत्तम, लगाई भोग में इसको ॥ १ ॥

अनादि काल से भोगे, न आई भोग में तृप्ति ।
यही तृप्ति अतृप्ति है, समझना मर्म में इसको ॥ २ ॥

हुवा जब पुन्य का संचय, मीली यह देह मानव की ।
जो देवों को भी दुर्लभ है, समझना तत्व में इसको ॥ ३ ॥

अपूरव वस्तु दुर्लभ पा, किया उपयोग इसका क्या ? ।
गुमाई भोग में है क्या?, विचारो बुद्धि से इसको ॥ ४ ॥

अत्युत्तम रत्न की कीमत, कहो अनभिज्ञ क्या जाने ?
लखे यह काच हीरा सम, समझता है न भेदों को ॥ ५ ॥

बनाया विश्वने यह ध्येय, उपार्जन द्रव्य करने का ।
हुवे आसक्त ही इस में, भूलाया आत्म के धन* को ॥ ६ ॥

जगत को ज़र की कीमत है, न कीमत देह मानव की ।
इसी खातिर गुमाई देह की, बस सारी आयुष्य को ॥ ७ ॥

कहे निर्धन से यह कोई, तुम्हे जो चाहिये जर तो ।
तुम्हे मनमाना धन देवें, तुम देदो दोनों नेत्रों को ॥ ८ ॥

करे मंजूर धन लेना, व बदले नैत्र दो देना ।
दरिद्री फिर भले होवे, करे मंजूर नहीं इस को ॥ ९ ॥

कहो धन देह से ज्यादा है, कि ज्यादा धन से देह है ।
अत्युत्तम अनमोल मानवदेह, मीली सत्य कार्य करने को ॥ १० ॥

भूला कर ध्येय यह उत्तम, हुवे लयलीन भोगों में ।
न इस में 'राज' तत्त्व है, समझ संक्षेप में इसको ॥ ११ ॥

राजमल भंडारी-आगर (माळवा)

* आत्मधन-ज्ञान, दर्शन, चारित्र ।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી મહાવીર-ગુણોત્કીર્તન

અમે કરીએ નમન મહાવીરને, મહાવીરને મહારણધીરને-રે અમે૦
રાજ્યવૈભવ ને કુટુંબ પરિવારમાં, રાખી ન મમતા લગીરને;
લેવાય તેટલો લાભ લેવા ગણ્યું, ભાડાનું ઘર આ શરીરને-રે અમે૦ ૧
જ્ઞાનધ્યાનાગ્નિએ આત્મકનકને, વળગેલા કર્મ-કથિરને;
દૂર કરી દૂર કરવાના ઉપાયને, બતાવ્યો ગરીબને અમીરને-રે અમે૦ ૨
સહી ઉપસર્ગો કરી ઘોર તપસ્યા, પ્રગટાવ્યું આત્મના હીરને;
વંદન હમારાં હજો હજારો, સદાયે એ સાચા ફકીરને-રે અમે૦ ૩
ઉન્નતિ માટે કરીયે પ્રયત્નો, ન બેસીએ ભરોસે તગદીરને;
વરશું વિજયને રાખી હ્રદયમાં, વીરપ્રભુની તસ્બીરને-રે અમે૦ ૪

**માસ્તર વિજયચંદ મોહનલાલ શાહ-મુંબઇ**

## શ્રી મહાવીર-જન્મોત્સવ

### ગોપ-ગુંથન : મોચન

ગરબો

ગાઈએ બેની સૌ મળીને સાથ જો, વીરપ્રભુનો જન્મ આજનો રે લોલ.
ઉજવીએ સૌ આ આનંદ અપાર જો. વીર પ્રભુનો૦
દસમા દેવલોકથી પ્રભુ ઊતર્યા રે લોલ, પૂર્યાં ધર્મ વિલાસીના કોડ જો. વીર૦
દ્વાદશાંગી વાણી પ્રભુ ઉચ્ચર્યા રે લોલ, ભવિ જીવોના તારણહાર જો. વીર૦
શાસન ખીલ્યું પ્રભુના બોધથી રે લોલ, ધર્મ પુષ્પ ખીલ્યાં છે અપાર જો. વીર૦
આગમ ખીલ્યાં છે ગુરુજ્ઞાનથી રે લોલ, ભાવ પ્રગટ્યો રસ શાસન અપાર જો. વીર૦
માર્ગ બતાવ્યો પ્રભુએ મોક્ષનો રે લોલ, એ શાશ્વત સુખનું ધામ જો. વીર૦

**સાખી**—ધન્ય દિવસ તિથિ આજની, ધન્ય ઘડી પળવાર;
વીર જન્મ વધામણી, ઉર આનંદ અપાર.

છોડીએ બેની સૌ મળીને સાથ જો, ગોપગુંથનરૂપી કર્મને રે લોલ.
રહ્યાં જીવ સાથે કરી વાસ જો. ગોપગુંથન૦
ગતિ વિધવિધ ભોગવતો આત્મા રે લોલ, લાગ્યાં કર્મબંધન અપાર જો. ગોપ૦
અષ્ટ કર્મે ઘેર્યો આ જીવને રે લોલ, છૂટે નિર્જરાથી તત્કાળ જો. ગોપ૦
રાગદ્વેષરૂપી ગોપ-ગૂંથણી રે લોલ, ત્યાગ વૈરાગ્યથી છૂટી જાય જો. ગોપ૦
મિથ્યા મોહે બાંધ્યો આ ચિંતામણિ રે લોલ, જીવો ઇચ્છે જીવનમુક્ત દ્વાર જો. ગોપ૦

**મગનલાલ મોતીચંદ શાહ-વઢવાણ કેમ્પ**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રશ્નસિંધુ

( ૬ )

રચયિતા—આ. શ્રી વિજયપદ્મસૂરિ

( અનુસંધાન પૃષ્ઠ ૧૩૭ થી )

૬૫. પ્રશ્ન—જ્યોતિષ્કરંડક પયન્નાની ઉપર પ્રાકૃત ટીકાના બનાવનાર કોણ ?

ઉત્તર—શ્રી પાદલિપ્તસૂરિ મહારાજે જ્યોતિષ્કરંડક પ્રકીર્ણકની ઉપર પ્રાકૃત ટીકા રચી હતી. તેના આધારે શ્રીમલયગિરિ મહારાજે સંસ્કૃત ટીકા બનાવી. આ પાદલિપ્તસૂરિ મહારાજ સિદ્ધસેનદિવાકરના સમકાલીન હતા. તેમણે પ્રાકૃત તરંગવતી કથા, નિર્વાણકલિકા ( જેમાં પ્રતિષ્ઠાદિની બીના જણાવી છે ) બનાવી છે.

૬૬. પ્રશ્ન—દૃષ્ટિવાદના ભેદ તરીકે ગણાતા પૂર્વ શ્રુતજ્ઞાનની હયાતી ક્યાંસુધી હતી?

ઉત્તર—વર્તમાન શાસનના નાયક પ્રભુ શ્રી મહાવીરદેવના નિર્વાણ થયા બાદ એક હજાર વર્ષ સુધી પૂર્વશ્રુતજ્ઞાન રહ્યું, ત્યારપછી તે વિચ્છેદ પામ્યું. એટલે આ અરસામાં થયેલા શ્રી સત્યમિત્ર નામના આચાર્યના સમય સુધી પૂર્વજ્ઞાનની હયાતી હતી, એમ શ્રી ધર્મસાગર ઉપાધ્યાયજીએ બનાવેલી તપાગચ્છપટ્ટાવલીની નવમી ગાથાની ટીકામાં જણાવ્યું છે, તે પાઠ આ પ્રમાણે જાણવો—" **श्रीवीरात् वर्षसहस्रे गते सत्यमित्रे पूर्वव्यवच्छेदः** " એટલે શ્રી વીર પરમાત્માના નિર્વાણ-સમયથી એક હજાર વર્ષે સત્યમિત્ર સૂરિ થયા, તેમની પછી પૂર્વશ્રુતજ્ઞાનનો વિચ્છેદ થયો. એક હજારમાંથી ૪૭૦ વર્ષ બાદ કરીએ તો વિક્રમ સંવત ૫૩૦ સુધી પૂર્વશ્રુતજ્ઞાનની હયાતી કહી શકાય.

૬૭. પ્રશ્ન—તપાગચ્છનું પહેલું નામ શું ?

ઉત્તર—તપાગચ્છનું પહેલું નામ ' નિર્ગ્રંથગચ્છ ' હતું. પહેલા ઉદયના પ્રથમ યુગપ્રધાન પટ્ટધર શ્રી સુધર્માસ્વામીજીએ આ ગચ્છની સ્થાપના કરી હતી. ૧. સુધર્માસ્વામી. ૨. જંબૂસ્વામી. ૩. પ્રભવસ્વામી. ૪. શય્યંભવસૂરિ. ૫. યશોભદ્રસૂરિ. ૬. સંભૂતિવિજય-ભદ્રબાહુસ્વામી. ૭. સ્થૂલિભદ્ર મહારાજ. ૮. આર્ય મહાગિરિ તથા આર્ય સુહસ્તિ. આ આઠ પાટ સુધી એ નામ કાયમ રહ્યું. એટલે શ્રી વીર સં. ૨૯૧ સુધી નિર્ગ્રંથ નામ કાયમ રહ્યું એમ કહી શકાય; કારણ કે-આર્ય સુહસ્તિસૂરિજી મહારાજનું તે સમયે સ્વર્ગગમન થયું હતું.

૬૮. પ્રશ્ન—પ્રભુશ્રી મહાવીરદેવે અગિયારે ગણધરોમાં મોટા તેમજ સર્વ-લબ્ધિસંપન્ન શ્રી ગૌતમસ્વામીને ગણાનુજ્ઞા ન કરી, એટલે ગચ્છનો ભાર ન સોંપ્યો, અને શ્રી સુધર્માસ્વામીને ગચ્છનો ભાર સોંપ્યો, તેનું શું કારણ ?

ઉત્તર—દુપ્પસહસૂરિ સુધી શ્રી સુધર્માસ્વામીની જ પટ્ટપરંપરા ચાલશે એમ કેવલજ્ઞાનથી જાણીને દીર્ઘાયુષ્ક શ્રી સુધર્માસ્વામીજીને ગણાનુજ્ઞા કરી એટલે ગચ્છનો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાર સોંપ્યો. શ્રી ગૌતમસ્વામીજીનો ગૃહસ્થપર્યાય ૫૦ વર્ષ, ૩૦ વર્ષ છદ્મસ્થપણું, ને કેવલિપણું ૧૨ વર્ષ આ રીતે ૯૨ વર્ષનું સંપૂર્ણાયુષ્ય હતું. શ્રી સુધર્માસ્વામીજીનો ગૃહસ્થ પર્યાય ૫૦ વર્ષ, છદ્મસ્થપર્યાય ૪૨ વર્ષ ને કેવલિપર્યાય ૮ વર્ષ-આ રીતે ૧૦૦ વર્ષનું આયુષ્ય હતું. આ અપેક્ષાએ શ્રી સુધર્માસ્વામીનું ૮ વર્ષનું આયુષ્ય વધારે હોવાથી વગેરે કારણોને લઇને શ્રી સુધર્માસ્વામીને ગચ્છનો ભાર સોંપ્યો.

૬૯. પ્રશ્ન—પાંચમા આરાના છેડે સાધુ સાધ્વી વગેરે થશે તેમના નામ કયા કયા ?

ઉત્તર—૧. દુપ્પસહ( દુષ્પ્રસભ )સૂરિ. ૨. ફલ્ગુશ્રી સાધ્વી. ૩. નાગિલ શ્રાવક. ૪. સત્યશ્રી શ્રાવિકા. ૫. વિમલવાહન રાજા. ૬. સુમુખ નામે મંત્રી પાંચમા આરાના છેડે છેલ્લા થવાના છે. કહ્યું છે કે—

**दुप्पसहो फग्गुसिरी, नाइलसड्ढो अ सच्चसिरिसड्ढी ॥**
**तह विमलवाहणनिवो, सुमुहो अपच्छिमो मंती ॥ १ ॥ ६९ ॥ आर्या ॥**

૭૦. પ્રશ્ન—શ્રી દુપ્પસહસૂરિના આયુ વિગેરે બાબતમાં શું સમજવું ?

ઉત્તર—(૧) તેમનું સંપૂર્ણ આયુષ્ય ૨૦ વર્ષનું. (૨) બાર વર્ષની ઉંમરે દીક્ષા ગ્રહણ કરશે. (૩) દીક્ષાપર્યાય ૮ વર્ષ પ્રમાણ. (૪) શ્રુતજ્ઞાન-દશવૈકાલિક સુધીનું. (૫) દેહમાન-બે હાથપ્રમાણ. (૬) તપ-ઉત્કૃષ્ટ છઠ્ઠપ્રમાણ. (૭) અંતિમ સમયે અઠ્ઠમ તપ કરી, વીશ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી પહેલા સૌધર્મ દેવલોકના શારદ નામના વિમાનમાં દેવપણે ઉપજશે. દેવનું આયુષ્ય પૂર્ણ થયા બાદ ભરતક્ષેત્રમાં જન્મ પામી, અવસરે મોક્ષમાર્ગની સાત્ત્વિકી આરાધના કરી મોક્ષના અવ્યાબાધ સુખ પામશે, એમ શ્રી રત્નસંચયાદિ ગ્રંથોમાં જણાવ્યું છે.

૭૧. પ્રશ્ન—તમામ સંસારી જીવો છ પર્યાપ્તિમાંની શરૂઆતમાં ત્રણ પર્યાપ્તિ જરૂર પૂરી કરે જ તેનું શું કારણ ?

ઉત્તર—૧. આહારપર્યાપ્તિ. ૨. શરીરપર્યાપ્તિ. ૩. ઇંદ્રિયપર્યાપ્તિ. આ શરૂઆતની ત્રણ પર્યાપ્તિ પૂર્ણ કર્યા બાદ જ પરભવનું આયુષ્ય બંધાય, તે પછી બાકીનું આયુષ્ય પૂર્ણ કરી પરભવમાં ( જે ભવનું આયુષ્ય બાંધ્યું હોય તે ભવમાં ) જાય. આ નિયમ સર્વ સંસારી જીવોને લાગુ પડે છે, માટે તે ત્રણ પર્યાપ્તિઓ જરૂર પૂરી કરવી પડે. આ બાબતમાં પૂજ્ય શ્રી મલયગિરિજી મહારાજે શ્રી પ્રજ્ઞાપના સૂત્રના પહેલા પદની ટીકામાં જણાવ્યું છે કે-"**यस्मादागामिभवायुर्बध्वा म्रियन्ते सर्व एव देहिनो नाबध्वा, तच्च शरीरेन्द्रियपर्याप्तिभ्यां पर्याप्तिनां बंधमायाति नान्यथेति**" **અર્થ**—તમામ સંસારી જીવો પરભવનું આયુષ્ય બાંધીને જ મરણ પામે, પણ બાંધ્યા સિવાય મરણ પામે નહિ. જેમણે શરીરપર્યાપ્તિ ને ઇંદ્રિયપર્યાપ્તિ પૂર્ણ કરી હોય તેઓ જ પરભવનું આયુષ્ય બાંધે, પણ જેમણે તે બે પર્યાપ્તિઓ પૂરી કરી નથી તેઓ તો પરભવનું આયુષ્ય ન જ બાંધે. અહીં આહાર ગ્રહણ કર્યા વિના શરીર બને જ નહિ, તેથી શરીરપર્યાપ્તિએ કરી જે જીવ પર્યાપ્તો હોય, તે આહારપર્યાપ્તિએ કરી પર્યાપ્તો હોય જ, એમ સમજવું. આ મુદ્દાથી શ્રી મલય-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગિરિ મહારાજે '**शरीरेन्द्रियपर्याप्तिभ्यां**' વગેરે કહ્યું છે. તેનું રહસ્ય એ છે કે–આહારપર્યાપ્તિ વગેરે શરૂઆતની ત્રણ પર્યાપ્તિ પૂરી કરનારા જીવો પરભવનું આયુષ્ય બાંધીને મરણ પામે એટલે પરભવમાં જાય. જો લબ્ધિઅપર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો પણ તે ત્રણ પર્યાપ્તિ જરૂર પૂરી કરીને જ પરભવાયુ બાંધી પરભવમાં જાય, તો બીજા જીવો તે ત્રણ પર્યાપ્તિ પૂર્ણ કરીને જ પરભવાયુ બાંધી પરભવમાં જાય એમાં નવાઇ શી? ૭૧

૭૨. પ્રશ્ન—ગર્ભજ મનુષ્યોના ભેદ કેટલા?

ઉત્તર—૧–કર્મભૂમિના મનુષ્યો. ૨–અકર્મભૂમિના મનુષ્યો. ૩–અંતર્દ્વીપના મનુષ્યો. એમ ગર્ભજ મનુષ્યના મુખ્ય ત્રણ ભેદો શ્રી શ્યામાચાર્ય મહારાજે શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં જણાવ્યા છે. તે પાઠ આ પ્રમાણે જાણવો.

(પ્રશ્ન)—से किं तं गब्भवक्कंतियमणुस्सा ?. (ઉત્તર)—**गब्भवक्कंतियमणुस्सा तिविहा पण्णत्ता, तं जहा (१) कम्मभूमगा (२) अकम्मभूमगा (३) अंतरदीवगा** ૭૨

૭૩. પ્રશ્ન—કર્મભૂમિ શબ્દનો અર્થ શો?

ઉત્તર—કર્મ એટલે અસિ, મસિ ને કૃષિ અર્થાત્ શસ્ત્રક્રિયા, વ્યાપાર, ખેતી વગેરે લૌકિક કર્મ અને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રની આરાધનારૂપ લોકોત્તર કર્મ. આ બે પ્રકારના કર્મની જેમાં મુખ્યતા હોય, તે કર્મભૂમિ કહેવાય. અથવા તે કર્મથી ઓળખાયેલી ભૂમિ તે કર્મભૂમિ કહેવાય. કહ્યું છે કે—**कर्मप्रधाना कर्मोपलक्षिता वा भूमिः=कर्मभूमिः** એમ શ્રી કર્મગ્રંથ ટીકાદિમાં જણાવ્યું છે. આત્મદષ્ટિએ મોક્ષમાર્ગની આરાધના આ ભૂમિ( કર્મભૂમિ )માં જ હોય છે, તેથી બીજી ભૂમિ કરતાં ( અકર્મભૂમિ આદિ કરતાં ) આ કર્મભૂમિ શ્રેષ્ઠ ગણાય. કર્મભૂમિના જ મનુષ્યો મોક્ષે ગયા છે ને જશે. ૭૩

૭૪ પ્રશ્ન—અકર્મભૂમિ શબ્દનો અર્થ શો?

ઉત્તર—તોંતેરમા પ્રશ્નના ઉત્તરમાં જણાવેલા બંને પ્રકારના કર્મ જે ભૂમિમાં ન હોય તે અકર્મભૂમિ કહેવાય. એટલે જ્યાં ખેતી, વેપાર વગેરે ન હોય તે અકર્મભૂમિ કહેવાય. અહીં રહેનારા યુગલિયાઓમાં કેટલાએક ક્ષાયિક સમ્યગ્દષ્ટિ હોય, કેટલાએક યુગલિકો ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ વગેરે હોય એટલે અહીં ત્રણે પ્રકારના સમ્યક્ત્વને ધારણ કરનારા જીવો હોય પણ તેઓ ચારિત્રની આરાધના ન કરી શકે માટે તેઓ મોક્ષે પણ જઇ શકે નહિ. અહીંનું આયુષ્ય પૂરું કરીને તેઓ દેવગતિમાં જ જાય, તેમાં કષાયની ઓછાશ વગેરે કારણો જાણવા. **अकर्मा=यथोक्तकर्मविकला भूमिः=अकर्मभूमिः** આ રીતે શ્રી પ્રજ્ઞાપના સૂત્રની ટીકા વગેરેમાં જણાવ્યું છે. ૭૪

૭૫. પ્રશ્ન—અંતર્દ્વીપ શબ્દનો અર્થ શો?

ઉત્તર—લવણસમુદ્રની મધ્યમાં જે આવેલા દ્વીપો તે અંતર્દ્વીપ કહેવાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહ્યું છે કે—**अन्तरशब्दो मध्यवाची अन्तरे=लवणसमुद्रस्य मध्ये द्वीपा अन्तर्द्वीपाः** એટલે અંતર શબ્દનો 'મધ્ય' અર્થ કરવો. લવણસમુદ્રની મધ્યમાં આવેલા દ્વીપો અંતર્દ્વીપ કહેવાય. ૭૫

૭૬. **પ્રશ્ન**—કર્મભૂમિના પંદર ક્ષેત્રોમાં પાંચ ભરત, પાંચ ઐરવત તથા પાંચ મહાવિદેહક્ષેત્રો ગણાવ્યા છે. તેમાંના પાંચ ભરતક્ષેત્રો અઢી દ્વીપમાં કઈ રીતે ઘટાવવા ?

**ઉત્તર**—જંબૂદ્વીપમાં ૧ ભરતક્ષેત્ર, ધાતકી ખંડમાં ૨ ભરતક્ષેત્ર, પુષ્કરવરદ્વીપાર્ધમાં બે ભરતક્ષેત્ર આ રીતે અઢીદ્વીપમાં પાંચ ભરતક્ષેત્રની વ્યવસ્થા જાણવી. ૭૬

૭૭. **પ્રશ્ન**—પાંચ ઐરવતક્ષેત્રો અઢીદ્વીપમાં કયાં કયાં રહ્યા છે ?

**ઉત્તર**—જે રીતે પાંચ ભરતક્ષેત્રોની વ્યવસ્થા જણાવી તે જ રીતે પાંચ ઐરવત ક્ષેત્રોની વ્યવસ્થા સમજવી, એટલે જંબૂદ્વીપમાં એક ઐરવત ક્ષેત્ર, ધાતકી ખંડમાં બે ઐરવત ક્ષેત્રો, ને પુષ્કરદ્વીપાર્ધમાં બે ઐરવત ક્ષેત્રો આવેલા છે. આ રીતે પાંચ ઐરવત ક્ષેત્રોની વ્યવસ્થા સમજવી. ૭૭

૭૮. **પ્રશ્ન**—પાંચ મહાવિદેહક્ષેત્રો અઢી દ્વીપમાં કયાં કયાં રહ્યા છે ?

**ઉત્તર**—૧-જંબૂદ્વીપમાં એક મહાવિદેહક્ષેત્ર, ૨-પૂર્વ ધાતકીખંડમાં એક મહાવિદેહક્ષેત્ર, ૩-પશ્ચિમ ધાતકીખંડમાં એક મહાવિદેહ ક્ષેત્ર, ૪-પૂર્વ પુષ્કરાર્ધમાં એક મહાવિદેહ ક્ષેત્ર, ૫-પશ્ચિમ પુષ્કરાર્ધમાં એક મહાવિદેહક્ષેત્ર આ રીતે પાંચ મહાવિદેહ ક્ષેત્રો અઢી દ્વીપમાં રહ્યા છે. ૭૮

૭૯. **પ્રશ્ન**—અકર્મભૂમિના ત્રીશ ભેદો કયા કયા ?

**ઉત્તર**—(૫) હેમવત ક્ષેત્રો (૫) હૈરણ્યવત ક્ષેત્રો (૫) હરિવર્ષ ક્ષેત્રો (૫) રમ્યક ક્ષેત્રો (૫) દેવકુરુ (૫) ઉત્તરકુરુ આ રીતે ૩૦ ભેદો અકર્મભૂમિના જાણવા. ૭૯

૮૦. **પ્રશ્ન**—પાંચ હેમવંત ક્ષેત્રના અને પાંચ હૈરણ્યવત ક્ષેત્રના મનુષ્યોના સંસ્થાન વગેરે કેવા હોય ?

**ઉત્તર**—તેમનું ૧-સંસ્થાન સમચતુરસ્ર, ૨-સંઘયણ વજ્રર્ષભનારાચ, ૩-શરીરની ઊંચાઈ એક ગાઉ પ્રમાણ, ૪-આયુષ્ય ૧ પલ્યોપમ તથા તેમના ૫-પૃષ્ઠકરંડક ૬૪ હોય. ૬-તેઓ એકાંતરે ભોજન કરનારા હોય. ૭-૭૯ દિવસ સુધી અપત્યનું પાલન કરે. વગેરે બીના શ્રી પ્રજ્ઞાપના તથા જીવાભિગમાદિની ટીકા વગેરે ગ્રંથોમાં જણાવી છે. તેમાં શ્રી પ્રજ્ઞાપના ટીકાનો પાઠ આ પ્રમાણે જાણવો—**पञ्चसु हैमवतेषु पञ्चसु हैरण्यवतेषु मनुष्या गव्यूतप्रमाणशरीरोच्छ्रयाः पल्योपमायुषो वज्रर्षभनाराचसंहननाः समचतुरस्रसंस्थानाः चतुःषष्ठिपृष्ठकरण्डकाः, चतुर्थातिक्रमभोजिन एकोनाशीतिदिनान्यपत्यपालकाः, उक्तं च-गाउअमुच्चा पलिओवमाउणो वज्जरिसहसंघयणा ॥ हेमवएरन्नवए-अहमिंदनरा मिहुणवासी ॥ १ ॥ चउसट्ठीपिट्ठिकरंडयाण मणुयाण तेसिमाहारो ॥ भत्तस्स चउत्थस्सय-गुणसीदिणऽवच्चपालणया ॥ २ ॥ अहमिंदत्ति=**માંહોમાંહે પ્રૈષ્ય ( મોક-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લવા લાયક, હુકમ કરવા લાયક ) પ્રેષક ( હુકમ કરનાર ) ભાવ ન હોવાથી તેઓ અહમિંદ્ર કહેવાય. ૮૦

૮૧. પ્રશ્ન—પાંચ હરિવર્ષ ક્ષેત્રોના ને પાંચ રમ્યક ક્ષેત્રોના મનુષ્યોનાં સંસ્થાન વગેરે કેવાં હોય ?

ઉત્તર—તેમનાં ૧-સંસ્થાન સમચતુરસ્ર, ૨-સંઘયણ વજ્રર્ષભનારાચ, ૩-બે પલ્યોપમનું આયુષ્ય, ૪-શરીરની ઊંચાઈ બે ગાઉની, ૫-બબ્બે દિવસના આંતરે ભોજન કરનારા, ૬-તેમને ૧૨૮ પૃષ્ઠ કરંડક હોય. ૭-તેઓ ચોસઠ દિવસ સુધી અપત્યનું પાલન કરે. કહ્યું છે કે—" **हरिवासरम्मएसुं, आउपमाणं सरीरमुस्सेहो ॥ पलिओवमाणि दोण्णि उ, दोण्णि उ कोसुस्सिया भणिया ॥ १ ॥ छट्ठस्स य आहारो, चउसट्ठिदिणाणि पालणा तेसिं ॥ पिट्ठकरंडाणसयं, अट्ठावीसं मुणेयव्वं ॥ २ ॥** " એમ શ્રી ક્ષેત્રસમાસ વગેરે ગ્રંથોમાં જણાવ્યું છે. ૮૧

૮૨. પ્રશ્ન—પાંચ દેવકુરુ ને પાંચ ઉત્તરકુરુના મનુષ્યોનાં સંસ્થાન વગેરે કેવાં હોય?

ઉત્તર—પાંચ દેવકુરુ ક્ષેત્રોના, ને પાંચ ઉત્તરકુરુ ક્ષેત્રોના મનુષ્યોનાં સંસ્થાનાદિની બીના આ પ્રમાણે જાણવી. ૧-સંસ્થાન સમચતુરસ્ર, ૨-વજ્રૠષભનારાચ સંઘયણ, ૩-ત્રણ પલ્યોપમનું આયુષ્ય, ૪-ત્રણ ગાઉ જેટલી શરીરની ઊંચાઈ, ૫-૨૫૬ પૃષ્ઠ કરંડક, ૬-ત્રણ ત્રણ દિવસને આંતરે આહાર, ૭-ઓગણપચાશ દિવસ સુધી અપત્યનું પાલન. કહ્યું છે કે—" **दोसु वि कुरुसु मणुयातिपल्लपरमाउणो तिकोसुच्चा ॥ पिट्ठिकरंडसयाइं, दो छप्पण्णाइं मणुयाणं ॥ १ ॥ सुसमसुसमाणुभावं, अणुभवमाणाणऽवच्चगोवणया ॥ अउणापण्णदिणाइं, अट्ठमभत्तस्समाहारो ॥ २ ॥** " વિશેષ બીના શ્રી જીવાભિગમ સૂત્ર ટીકા, બૃહત્ક્ષેત્ર સમાસવૃત્તિ વગેરેમાં જણાવી છે. ૮૨

૮૩. પ્રશ્ન—અંતર્દ્વીપના મનુષ્યોને કયું સંઘયણ હોય ?

ઉત્તર—વજ્રર્ષભનારાચ સંઘયણ હોય. કહ્યું છે કે—" **ते च मनुष्या वज्रर्षभनाराचसंहननिनः** " એટલે તે અંતર્દ્વીપના મનુષ્યો વજ્રર્ષભનારાચ સંઘયણવાળા જાણવા. ૧-વજ્રૠષભનારાચ, ૨-ૠષભનારાચ, ૩-નારાચ, ૪-અર્ધનારાચ, ૫-કીલિકા, ૬-છેવટ્ઠું. આ છ ભેદમાં પહેલા નંબરનું બહુ જ મજબૂત સંઘયણ વજ્રર્ષભનારાચ કહ્યું છે.

૮૪. પ્રશ્ન—તે અંતર્દ્વીપના મનુષ્યોને સંસ્થાન કયું હોય ?

ઉત્તર—૧-સમચતુરસ્ર સંસ્થાન, ૨-ન્યગ્રોધપરિમંડલ સંસ્થાન, ૩-સાદિ સંસ્થાન, ૪-વામન સંસ્થાન, ૫-કુબ્જ સંસ્થાન, ૬-હુંડક સંસ્થાન. આ છ ભેદમાં પહેલું સમચતુરસ્ર સંસ્થાન અંતર્દ્વીપના મનુષ્યોને હોય. જેની ચારે બાજુનું માપ એક સરખું હોય તે સમચતુરસ્ર સંસ્થાન કહેવાય. વિશેષ બીના શ્રી લોકપ્રકાશાદિમાં જણાવી છે. ૮૪

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### શ્રી આનંદઘનજીનું

# દિવ્ય જિનમાર્ગદર્શન

## ( ૩ )

**પથિક**—યોગિરાજ! આવું ક્રિયાજડપણું ને શુષ્કજ્ઞાનીપણું થઇ જવાનું શું કારણ હશે?

**યોગિરાજ**—જિજ્ઞાસુ ભવ્ય! નિશ્ચય ને વ્યવહારના સ્વરૂપની યથાયોગ્ય સમજણ નહિં હોવાથી, તેમજ તે બેયનો યથાયોગ્ય સમન્વય કરવાની આવડત નહિં હોવાથી તેમ બને છે, કારણ કે કોઇ તો સમસ્ત વ્યવહારને એક પરમાર્થરૂપ નિશ્ચય લક્ષ્ય પ્રત્યે જોડવાને બદલે વ્યવહારને જ પરમાર્થ માની બેસી પરમાર્થથી વંચિત થાય છે. જેમ એક લક્ષ્યનિશાન પ્રત્યે બરાબર તાકીને બાણનું અનુસંધાન કરી છોડવામાં આવે, તો લક્ષ્ય અવશ્યપણે વીંધાય છે, અચૂક જાય છે, પણ તે લક્ષ્યના અનુસંધાન વિના જો બાણ છોડવામાં આવે તો નિશાન ખાલી જાય છે, ચૂકી જવાય છે, વંચક થાય છે; તેમ પરમાર્થરૂપ સાધ્ય નિશ્ચય લક્ષ્યને બરાબર તાકીને જો વ્યવહારનો યોગ કરી, તથારૂપ સમ્યક્ ક્રિયા કરવામાં આવે, તો પરમાર્થપ્રાપ્તિરૂપ અવંચક ફલની અવશ્ય પ્રાપ્તિ થાય; કારણ કે યોગ ***અવંચક છે, ક્રિયા પણ અવંચક છે, તો ફળ પણ અવંચક હોય.** પણ જો પરમાર્થ લક્ષ્યને દુર્લક્ષ કરી, તેના અનુસંધાન વિના વ્યવહાર યોગ-ક્રિયા કરવામાં આવે, તો પરમાર્થ-પ્રાપ્તિરૂપ અવંચક ફળ નં મળે, કારણ કે પરમાર્થ લક્ષ્ય ચૂકી જવાથી વંચક યોગ ને વંચક ક્રિયાને લીધે ફળ પણ વંચક હોય.

**“ નિર્મલ સાધુ ભગતિ લહી...સખી દેખણ દે! યોગ અવંચક હોય...રે સખી૦**
**કિરિયા અવંચક તિમ સહી...સખી૦ ફળ અવંચક જોય...રે સખી. ”**

નિશ્ચયના નિરંતર લક્ષ્ય વિનાનો વ્યવહાર ‘એકડા વિનાના મીંડા’ જેવો ને ‘વર વિનાની જાન’ જેવો છે. કારણ કે નિશ્ચય વ્યવહારસાપેક્ષ જોઇએ ને વ્યવહાર નિશ્ચયસાપેક્ષ જોઇએ એમ જિનવચન છે, માટે નિશ્ચયનિરપેક્ષ વ્યવહાર એકાંતવાદી હોવાથી અનેકાંતી જિનવચનથી વિરુદ્ધપણે-નિરપેક્ષપણે વર્તે છે, અને ‘વચનનિરપેક્ષ જે વ્યવહાર છે તે તો જૂઠો કહ્યો છે, વચનસાપેક્ષ વ્યવહાર હોય તે જ સાચો વ્યવહાર છે; વચનનિરપેક્ષ વ્યવહારનું ફળ સંસાર છે.’

**“ વચનનિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો, વચનસાપેક્ષ વ્યવહાર સાચો;**
**વચનનિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ, સાંભળી આદરી કાંઇ રાચો...**
**ધાર તરવારની સોહલી, દોહલી ચૌદમા જિનતણી ચરણસેવા. ”**

**શ્રીમાન્ આનંદઘનજી**

નિશ્ચયનિરપેક્ષ વ્યવહાર માટે શાસ્ત્રમાં એટલે સુધી કહ્યું છે કે ‘જેમ જેમ બહુશ્રુત-ઘણા શાસ્ત્રનો જાણકાર હોય, બહુજનને સંમત હોય, ઘણા શિષ્યપરિવારવાળો હોય, પણ સમયમાં જો વિનિશ્ચિત ન હોય-નિશ્ચયવંત ન હોય તેમ તે સિદ્ધાંતનો પ્રત્યનીક છે-

---

*“ योगक्रियाफलाख्यं यच्छ्रूयतेऽवञ्चकत्रयम् । साधूनाश्रित्य परममिषुलक्ष्यक्रियोपमम् ॥

—શ્રી હરિભદ્રાચાર્યજીપ્રણીત શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિનશાસનનો વૈરી છે.' 'જે ચરણ-કરણ પ્રધાન (ક્રિયાકાંડમાં રચ્યાપચ્યા રહેનારા) હોય, પણ સ્વસમય-પરસમયના વ્યાપારથી મુક્ત હોય, (સ્વસમય-પરસમયનું ભાન ન હોય), તે ચરણ-કરણનો નિશ્ચય શુદ્ધ સાર પામતા નથી.'

"जह जह बहुस्सुओ सम्मओ अ सीसगणसंपरिवुडो अ।
अविणिच्छिओ अ समए तह तह सिद्धंतपडिणीओ ॥*
चरणकरणप्पहाणा ससमयपरसमयमुक्कवावारा।
चरणकरणस्स सारं निच्छयसुद्धं न याणंति ॥"—શ્રીસમ્મતિ તર્કસૂત્ર

આ ઉપરથી સમજી શકાશે કે કોઇને પોતાને નિશ્ચયનું ભાન ન હોય, છતાં હું બહુશ્રુત છું-આગમધર છું-ઘણા શાસ્ત્રોનો જાણકાર મહાપંડિત છું, 'મહારાજ મોટા વિદ્વાન્ છે,' એમ જાણી ઘણા લોકો મને સન્માને છે-હું લોકસંમત છું, હું આટલા બધા ચેલા-ચેલી મુંડીને આવડા મોટા શિષ્યપરિવારવાળો છું, એમ ફાંકો રાખી મિથ્યાભિમાન ધરતો હોય, તે તો જિનશાસનનો દુશ્મન છે; કારણ કે જિનશાસનનો મુખ્ય ઉદ્દેશ પરમાર્થ તત્ત્વરૂપ નિશ્ચયની સિદ્ધિ છે; ને તેનું તો તેને ભાન નહિં હોવાથી તેની નિશ્રાએ ચાલનારા દૃષ્ટિરાગી ઇતર જનોને પણ તે ઉન્માર્ગે દોરે છે, જિનના મૂળ તત્ત્વમાર્ગથી વિમુખ કરે છે, તેની જોખમદારી પણ તે 'ગુરુ' થઇ પડેલાને શિરે છે; તેથી આવો અજ્ઞાની ભલે +ગચ્છનો ધણીરણી થઇ પડી પોતાની પાછળ ગાડરિયું 'ટોળું' ચલાવતો હોય, તો પણ તે જિન-શાસનના દુશ્મનનું કામ સારે છે.

અને જેને નિશ્ચયનું ભાન નથી એવા આત્મ-અજ્ઞાનીનો વ્યવહાર પણ શુદ્ધ નથી હોતો, કારણ કે જ્યાં આત્મતત્ત્વનો નિશ્ચય નથી ત્યાં સમ્યગ્દર્શન નથી; અને જ્યાં સમ્યગ્દર્શન નથી ત્યાં જ્ઞાન અજ્ઞાન છે, ને ચારિત્ર પણ અસમ્યક્ હોઇ કુચારિત્ર છે.

* "જિમ જિમ બહુશ્રુત બહુજનસંમત, બહુ શિષ્યે પરવરીઓ;
તિમ તિમ જિનશાસનનો વયરી, જો નવિ નિશ્ચય દરીઓ રે.
જિનજી! વિનતડી અવધારો.
ખંડ ખંડ પંડિત જે હોવે, તે નવિ કહીયે નાણી;
નિશ્ચિત સમય લહે તે નાણી, **સંમતિની** સહિનાણી રે...
જિનજી! વિનતડી અવધારો."
—**શ્રી યશોવિજયજીકૃત સાડાત્રણસો ગાથાનું સ્તવન**

+"અજ્ઞાની નવિ હોવે મહાજન, જો પણ ચલવે ટોળું;
**ધર્મદાસગણી** વચન વિચારી, મન નવિ કીજે ભોળું રે. જિનજી! વિનતડી અવધારો.
અજ્ઞાની નિજ છંદે ચાલે, તસ નિશ્રાયે વિહારી;
અજ્ઞાની જે ગચ્છને ચલવે, તે તો અનંત સંસારી રે. જિનજી! વિનતડી અવધારો."
—**શ્રીયશોવિજયજીકૃત સાડાત્રણસો ગાથાનું સ્તવન**

તત્ત્વાગમ જાણંગ તજી રે, બહુજનસંમત જેહ;
મૂઢ હઠી જન આદર્યા રે, સુગુરુ કહાવે તેહ. ચંદ્રાનન જિન."—**શ્રીદેવચંદ્રજી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી આ ક્રિયાજડ જનોમાં ઘણા તો ગચ્છ, મત આદિની કલ્પનાને વ્યવહાર માને છે, ને ગચ્છ-કદાગ્રહ* સાચવવામાં જ ઇતિકર્તવ્યતા સમજે છે! એમાં જ ધર્મ સમાઇ ગયો એમ માને છે! પણ તે તો અસદ્ વ્યવહાર છે. સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રની જેથી વૃદ્ધિ થાય, પુષ્ટતા થાય તે જ સાચો વ્યવહાર છે.

હવે જે **શુષ્કજ્ઞાની** જનો છે તેઓ એકાંત નિશ્ચયને પકડે છે, ને તે પણ માત્ર શબ્દમાં. તેઓ નિશ્ચયનયની કેવળ વાતો કરે છે, પણ તેના ભાવને સ્પર્શતા નથી. વળી તેઓ પરમાર્થના સાધક વ્યવહાર સાધનને છોડી દે છે ને સ્વચ્છંદે વર્તે છે. આમ તેઓ જ્ઞાનદશા પામ્યા નથી ને સાધનદશા છોડી દીએ છે, એટલે ઉભયભ્રષ્ટ થાય છે. યમ, નિયમ, સંયમ, ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ આદિ સાધનો પરમાર્થ સાધનામાં ઉપકારી છે, તેને તે છોડી દે છે, ને તેનામાં તેવી જ્ઞાનદશા તો આવી નથી એટલે તે ભવભ્રમણ કરે છે. આ પ્રકારે વ્યવહારનિરપેક્ષ હોઇ, સ્વચ્છંદપણે શુષ્ક જ્ઞાનીની વર્તના હોય છે.

આમ **ક્રિયાજડ** જીવો વ્યવહારના આગ્રહી થઇ નિશ્ચયનિરપેક્ષ હોય છે, તેથી મોક્ષ-માર્ગના અનધિકારી છે. અને **શુષ્કજ્ઞાની** જીવો નિશ્ચયના આગ્રહી હોઇ વ્યવહારનિરપેક્ષ વર્તે છે, તેથી તેઓ પણ મોક્ષમાર્ગના અનધિકારી જ છે. આવા ક્રિયાજડ ને શુષ્કજ્ઞાની જીવોનું વર્તમાનમાં બાહુલ્ય જોવામાં આવે છે, તેથી મોક્ષમાર્ગનો ઘણો લોપ થઇ ગયો જણાય છે, જે દેખીને કરુણા ઉપજે એવી પરિસ્થિતિ છે.

**પથિક**—મહાત્મન્! નિશ્ચયનું સ્વરૂપ કહેવા કૃપા કરો.

**યોગિરાજ**—હે ભદ્ર! નિશ્ચય એટલે શુદ્ધ તત્ત્વ, પરમાર્થ. શુદ્ધ નયની અપેક્ષાએ જે વસ્તુસ્વરૂપ છે તે નિશ્ચળ ત્રણે કાળમાં જે ન ફરે એવો નિશ્ચળ સિદ્ધાંત તે નિશ્ચય. જેમ બે ને બે ચાર, તે ગમે તે દેશમાં-ગમે તે કાળમાં ફરે નહિં; તેમ ચેતન ને જડ એ ત્રણે કાળમાં ભિન્ન વસ્તુ છે, ચેતન તે ચેતન છે ને જડ તે જડ છે. ચેતન પલટીને જડ થાય નહીં ને જડ પલટીને ચેતન થાય નહિં. આ નિશ્ચલ નિશ્ચયસિદ્ધાંત છે. આ ઉપરથી સારભૂત નિશ્ચય તો સર્વ અન્ય દેહાદિ પરદ્રવ્યથી ભિન્ન એવા શુદ્ધ ચૈતન્યમય આત્મસ્વરૂપનું

* દ્રવ્ય ક્રિયારુચિ જીવડા રે, ભાવ ધર્મ રુચિહીન;
ઉપદેશક પણ તેહવા રે, શું કરે જીવ નવીન? રે ચંદ્રાનન જિન!
ગચ્છ કદાગ્રહ સાચવે રે, માને ધર્મ પ્રસિદ્ધ;
આતમગુણ અકષાયતા રે, ધર્મ ન જાણે શુદ્ધ. રે ચંદ્રાનન જિન!
આણા સાધ્ય વિના ક્રિયા રે, લોકે માન્યો રે ધર્મ;
દંસણ નાણ ચરિત્તનો રે, મૂળ ન જાણ્યો મર્મ. રે ચંદ્રાનન જિન!
તત્ત્વરસિક જન થોડલા રે, બહુલો જનસંવાદ;
જાણો છો જિનરાજજી રે, સઘળો એહ વિષાદ. રે ચંદ્રાનન જિન!

—તત્ત્વરંગી મુનિવર્ય શ્રી દેવચંદ્રજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાન થયું, એ છે. '**હું એક***, **શુદ્ધ, દર્શન-જ્ઞાનમય, સદા અરૂપી છું, પરમાણુ માત્ર પણ પરવસ્તુ મારી નથી.** '–આ સંક્ષેપમાં નિશ્ચયનો સાર છે, સમયનો સાર છે, સિદ્ધાંતનો સાર છે. શુદ્ધ, બુદ્ધ, આનંદઘન એવો **ચૈતન્ય મૂર્તિ+ આત્મા જ માત્ર આદેય છે; બાકી બીજું બધુંય હેય છે–એ દ્વાદશાંગીનો સારભૂત નિશ્ચય છે.** નિશ્ચયથી આત્મા નથી દેવ, નથી મનુષ્ય, નથી તિર્યંચ, નથી નારકી; નથી પુરુષ, નથી સ્ત્રી, નથી નપુંસક; નથી બ્રાહ્મણ, નથી વૈશ્ય, નથી ક્ષત્રિય, નથી શૂદ્ર; નથી જૈન, નથી વૈષ્ણવ, નથી બૌદ્ધ, નથી ઇસ્લામી; નથી શ્વેતાંબર, નથી દિગંબર, નથી પીતાંબર; નથી ઢુંઢિયો, નથી તપો કે નથી અન્ય કોઈ–આત્મા તો શુદ્ધ એક જ્ઞાયકભાવ સિવાય બીજી કોઈ વસ્તુ નથી. દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ તેમાં જ અંતર્ભાવ પામે છે. '**પુદ્‌ગલમય કર્મપ્રદેશમાં સ્થિત આત્મા તે પરસમય**× **છે, તે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત આત્મા તે સ્વસમય છે.** ' આ બધી સંક્ષેપમાં નિશ્ચયવાર્તા છે.

પથિક—યોગિરાજ ! આપે થોડા શબ્દોમાં નિશ્ચયનું વિશદ ને સુંદર સ્વરૂપ કહ્યું. હવે વ્યવહારનું સ્વરૂપ શ્રવણ કરવા ઇચ્છું છું. આપે સાચો વ્યવહાર ને જૂઠો વ્યવહાર કહ્યો, તેની પણ સ્પષ્ટતા કરવા કૃપા કરો.

**યોગિરાજ**—જિજ્ઞાસુ ભવ્ય ! જે નિશ્ચયનું હમણાં સ્વરૂપ કહ્યું તે નિશ્ચયરૂપ સાધ્ય લક્ષ્યને સિદ્ધ કરવા માટે, એટલે કે આત્મવસ્તુનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવા માટે જે જે સાધન ઉપકારી થાય તે વ્યવહાર છે. બીજા શબ્દોમાં કહીએ તો જ્યાં સુધી **આત્મવસ્તુ** સાથે જે **અન્ય સંયોગ** છે–કર્મરૂપ પરવસ્તુનો સંબંધ છે, તે સર્વથા દૂર ન થાય ત્યાં લગી **સંસાર** છે ને ત્યાંલગી **વ્યવહાર છે.** એટલે શુદ્ધ આત્મસ્વભાવની જ્યાં સ્થિરતા છે એવું કેવળજ્ઞાન જ્યાં લગી ન થાય ત્યાં લગી વ્યવહારની આવશ્યકતા છે, અને એટલા માટે જ શાસ્ત્રમાં બારમા §ગુણસ્થાનકના અંત પર્યંત શ્રુતજ્ઞાનનું અવલંબન કહ્યું છે,

* " अहमिक्को खलु सुद्धो दंसणणाणमइओ सदारूवी ।
णवि अत्थि मज्झ किंचिवि अण्णं परमाणुमित्तंपि ॥ "
—**શ્રીમાન્ કુંદકુંદાચાર્યજીપ્રણીત શ્રી સમયસાર**

+ " उक्तं जिनैर्द्वादशभेदमङ्गं, श्रुतं ततो बाह्यमनन्तभेदम् ।
तस्मिन्नुपादेयतया चिदात्मा, ततः परं हेयतयाऽभ्यधायि "
—**શ્રી પદ્મનંદિકૃત પંચવિંશતિકા**

× " जीवो चरित्तदंसणणाणट्ठिओ तं हि ससमयं जाण ।
पुग्गलकम्मपदेसट्ठियं च तं जाण परसमयं ॥ " —**શ્રી સમયસાર**

" શુદ્ધાતમ અનુભવ સદા, તે સ્વસમયવિલાસ રે;
પરવડી છાંહડી જ્યાં પડે, તે પરસમય નિવાસ રે...ધરમ પરમ અરનાથનો. "
—**શ્રીમાન્ આનંદઘનજી**

§ " શુદ્ધ તત્ત્વ નિજ સંપદા, જ્યાં લગે પૂર્ણ ન થાય;
ત્યાં લગે જગ ગુરુ દેવના, સેવું ચરણ સદાય. શ્રી ઋષભાનન વંદીએ. "—**શ્રી દેવચંદ્રજી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાં ઘણું રહસ્ય છે. જેમ સોનું ષોડશ વર્ણિકાવાળું શુદ્ધ સુવર્ણ ન થાય ત્યાં સુધી તેને અગ્નિ-તાપની અપેક્ષા રહે છે, પણ ષોડશ વર્ણિકા પ્રાપ્ત થયા પછી તેની અપેક્ષા રહેતી નથી; તેમ જ્યાં સુધી આત્મા નિર્મળ કર્મરહિત શુદ્ધ આત્મસ્વભાવ પામતો નથી ત્યાં સુધી તેને શુદ્ધ વ્યવહારરૂપ અગ્નિ-તાપદ્વારા આત્મશુદ્ધિ પ્રાપ્ત કરવાની અપેક્ષા રહે છે, પણ નિર્મળ પરમાત્મદશાને પામેલા યોગારૂઢ* પરમર્ષિઓને તેની અપેક્ષા રહેતી નથી. તેવા પુરુષો કલ્પાતીત હોય છે; પરંતુ તેવી પરમદશા પ્રાપ્ત થયા પૂર્વે, પોતાની તેવી દશા કલ્પી લઇ, જે શિથિલાચારી, સ્વચ્છંદવિહારી જનો શુદ્ધ વ્યવહારનું અવલંબન છોડી દે છે, તેઓ માર્ગભ્રષ્ટ થાય છે, એટલું જ નહિં પણ અધઃપાતને પણ પામે છે, સંયમ-શ્રેણીથી લડથડતા લડથડતા પહેલે ગુણસ્થાનકે પણ આવી પડે છે.

જે પરમાર્થનો સાધક થાય તે જ **સદ્વ્યવહાર** છે, જે પરમાર્થનો બાધક થાય તે **અસદ્વ્યવહાર** છે. સમસ્ત જિનવાણી પણ પરમાર્થસાધક વ્યવહારના વિવરણરૂપ છે. એટલે પરમાર્થમૂળ જિનવચનસાપેક્ષ જે વ્યવહાર છે તે સાચો વ્યવહાર છે, બાકી બીજો બધો વચનનિરપેક્ષ વ્યવહાર તે જૂઠો વ્યવહાર છે. કેટલાક લોકો ગચ્છ-મતની જે કલ્પના છે તેને વ્યવહાર માની બેઠા છે, વાડાના કદાગ્રહ સાચવવામાં ને પોષવામાં જ વ્યવહારની પર્યાપ્તિ માની બેઠા છે પરંતુ તે તો અસદ્વ્યવહાર છે, તે તો અલૌકિક લોકોત્તર માર્ગને લૌકિક કરી મૂકવા જેવું છે; કારણ કે ક્યાં ભગવાન્ જિનેશ્વરનો પરમ ઉદાર સુવિશાલ તત્ત્વમાર્ગ ? ક્યાં ક્ષુદ્ર મતભેદોના નિવાસસ્થાનરૂપ સંકુચિત ગચ્છભેદના નામે ચાલતા સાંકડા ચીલા ? તે બન્નેનો મેળ કોઇ કાળે થાય એમ નથી. વર્તમાનકાળમાં ઘણા લોકો ગચ્છ-કદાગ્રહ ને પોતપોતાના 'વાડા' સાચવવામાં શૂરા-પૂરા છે, છતાં તત્ત્વની મોટી મોટી વાતો કરતાં લાજતા નથી ! આ પણ કાળની બલિહારી છે !!

**" ગચ્છના ભેદ બહુ નયન નિહાળતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે !**
**ઉદરભરણાદિ નિજ કાજ કરતાં થકાં, મોહ નડિયા કલિકાલ રાજે.**
**ધાર તરવારની સોહલી દોહલી ચૌદમા જિનતણી ચરણસેવા.**
**શ્રીમાન્ આનંદઘનજી**

સાચો વ્યવહાર તો શુદ્ધ આત્મારૂપ સત્ વસ્તુને જે સાધ્ય કરે, તેના સાધનમાં જે નિમિત્તભૂત થઇ ઉપકારી થાય, તે છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્માનું સ્વરૂપ છે, એટલે સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રની જેથી વૃદ્ધિ થાય, પુષ્ટિ થાય, નિર્મળતા થાય, તે

---

* सुद्धो सुद्धादेसो णायव्वो परमभावदरिसीहिं ।
ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे ॥--**श्री समयसार**

" व्यवहरणनयः स्याद्यद्यपि प्राक्पदव्या-मिह निहितपदानां हंत हस्तावलंबः ।
तदपि परममर्थं चिच्चमत्कारमात्रं, परविरहितमंतः पश्यतां नैष किंचित् ॥ "

**—શ્રી અમૃતચંદ્રાચાર્યજીકૃત શ્રી સમયસારકલશ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વ સાધન સદ્‌વ્યવહારરૂપ છે. જેમ કોઇ ***અર્થનો અર્થી પુરુષ પ્રથમ તો રાજાને જાણે, સદ્દહે ને પછી પ્રયત્નથી અનુચરે તેમ મોક્ષનો અર્થી–મુમુક્ષુ આત્માર્થી જીવ-રાજાને ( આત્માને ) જાણે, સદ્દહે ને પ્રયત્નથી અનુચરે.** ' શુદ્ધ આત્માનું જ્ઞાન થવામાં, દર્શન થવામાં ને અનુચરણ થવામાં જે જે દ્રવ્ય–ભાવ સાધન ઉપકારી થાય, તેનું તેનું અવલંબન આત્માર્થી જીવ અવશ્ય ગ્રહણ કરે. તેમાં પણ દ્રવ્ય સાધન, ભાવની ઉત્પત્તિમાં નિમિત્તભૂત થવાના કારણે ઉપકારી થાય છે, ને તેમ થાય તો જ તેની સફળતા છે. નહિ તો ભાવ વિના દ્રવ્ય સાધન અનંત વાર કર્યાં કરે તો પણ કાંઇ ફળ આવે નહિ; ભાવ વિના બધું ય લૂખું છે; દ્રવ્ય ખોખું છે, ભાવ પ્રાણ છે. આમ સર્વત્ર +ભાવની મુખ્યતા છે.

દાન, શીલ, તપ ને ભાવ એ ચતુર્વિધ ધર્મની આરાધના પણ સદ્‌વ્યવહારના અંગભૂત છે. ટૂંકામાં, શુભેચ્છાથી માંડીને શૈલેશીકરણ પર્યંતની સમસ્ત ભૂમિકાઓ, ને સામાન્ય સદાચારથી માંડીને યમ–નિયમાદિ અષ્ટાંગ યોગની સાધનાઓ ઇત્યાદિ સર્વ સત્–સાધન આ સદ્‌વ્યવહારમાં સમાય છે.

**દેવતત્ત્વ, ગુરુતત્ત્વ ને ધર્મતત્ત્વની શુદ્ધિ** એ સદ્‌વ્યવહારના મુખ્ય સાધનભૂત છે, ને તે શુદ્ધિનો આધાર પણ **શુદ્ધ શ્રદ્ધાન** પર છે. સદ્દેવ, સદ્‌ગુરુ ને સદ્ધર્મનું યથાર્થ સ્વરૂપ જાણ્યા વિના શ્રદ્ધાન શુદ્ધ કેમ હોય ? ને શ્રદ્ધાન શુદ્ધ ન હોય તો દેવ–ગુરુ–ધર્મની શુદ્ધિ પણ કહો કેમ રહે ? તેવા શુદ્ધ શ્રદ્ધાન વિના જે કાંઇ ક્રિયા કરવામાં આવે તે તો **' છાર પર લિંપણા '** જેવા નિષ્ફળ થઇ પડે.

**" દેવ ગુરુ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે ?**
**કિમ રહે–શુદ્ધ શ્રદ્ધા ન આણો;**
**શુદ્ધ શ્રદ્ધાન વિણ જેહ કિરિયા કરી,**
**છાર પર લિંપણો તેહ જાણો. ધાર તરવારની સોહલી૦ "**

**શ્રીમાન્ આનંદઘનજી**

ખેદની વાર્તા છે કે–વર્તમાનમાં ઘણા જીવોને આ દેવ–ગુરુ–ધર્મની યથાર્થ શ્રદ્ધા નથી,–શ્રદ્ધા તો દૂર રહી સમજણ પણ નથી; તેથી તેમની ક્રિયા પણ ' છાર પર લિંપણા ' જેવી પ્રાયે થઈ પડી છે. ( ચાલુ )

ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા M. B. B. S.

---

*"जह णाम को वि पुरिसो रायाणं जाणिऊण सद्दहदि। तो तं अणुचरदि पुणो अत्थत्थीओ पयत्तेण ॥
एवं हि जीवराया णायव्वो तह य सद्दहे दव्वो। अणुचरिदव्वो य पुणो सो चेव दु मोक्खकामेण ॥
दंसणणाणचरित्ताणि सेवि दव्वाणि साहुणा णिच्चं। ताणि पुण जाण तिण्णिवि अप्पाणं चेव णिच्छयदो॥"

**શ્રી કુંદકુંદાચાર્યજીપ્રણીત શ્રી સમયસાર**

+" નામ ધર્મ હો ઠવણ ધર્મ તથા, દ્રવ્યક્ષેત્ર તિમ કાલ;
ભાવધર્મના હો હેતુપણે ભલા, ભાવ વિના સહુઆલ.
સ્વામી સ્વયંપ્રભને જાઉં ભામણે "—**શ્રી દેવચંદ્રજી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કમ ખાના, ગમ ખાના, દમ ખાના

આ ત્રણ વાકયો બહુ ગંભીર અર્થવાળા છે. તે વિષે કાંઇક વિચાર કરીએ. પ્રથમ કમ ખાના એટલે ઓછું ખાવું અર્થાત્ જેટલી ક્ષુધા હોય તે કરતાં ઓછું ખાવું જેથી પવનનો માર્ગ ખુલ્લો રહે અને જરા પણ શારીરિક ઉપાધિ ઉત્પન્ન થાય નહીં. જેઓ આ બાબતનો વિચાર રાખતા નથી અને વધારા પડતું ખાય છે–સ્વાદમાં લેવાઇ જાય છે તેઓ જરૂર વહેલામોડા પણ રોગનો ભોગ થઇ પડે છે. આ બાબત અનુભવસિદ્ધ છતાં રસેંદ્રિયને વશ પડેલો મનુષ્ય તેનો વિચાર કરતો નથી અને સ્વાદમાં લેવાઇ જાય છે.

બીજી બાબત ગમ ખાના એટલે ગમ ખાવાની છે. તે તો અતીવ ઉપયોગી છે. આ ગુણ ખાસ કરીને વણિકમાં જ હોય છે. વણિકની જેવી ગમ, રાજા મહારાજા કે બીજાઓ ખાઇ શકતા નથી. આને લગતો એક પ્રસંગ યાદ આવે છે—

એક વખત અકબર બાદશાહે બીરબલને પૂછયું કે વણિકો શરીરે પુષ્ટ ને હુંદાળાફુંદાળા દેખાય છે તે શું ખાવાથી થતા હશે ? બીરબલે કહ્યું કે–બાદશાહ સલામત ! વણિકો ગમ ખાય છે તેથી તે પુષ્ટ થાય છે. બાદશાહે કહ્યું કે–તો તે આપણે પણ ખાઇએ. બીરબલે કહ્યું કે–સાહેબ ! આપનાથી ન ખવાય. બાદશાહે કહ્યું કે–કેમ ન ખવાય ? બીરબલ કહે કે–અવસરે બતાવીશ. બાદ થોડા દિવસ પછી એક વાણીઆને તૈયાર કરી, જૂના ચોપડાનો ગાંસડો ખંભે રખાવી કચેરીમાં લાવ્યા. વાણીઆએ કચેરીમાં ગાંસડો પછાડીને પોકાર કર્યો કે–અરે બાદશાહ ! તમારા રાજ્યમાં આવો જુલમ ચાલે છે. મને કોઇ દશ દશ વરસથી મારા લેણાનો જવાબ આપતું નથી. આ પ્રમાણે બહુ બોલવાથી બાદશાહે એકદમ ગુસ્સે થઇ સીપાઇને હુકમ કર્યો કે–આ માણસને બાંધીને લઈ જાઓ એટલે બીરબલે ઊઠીને કહ્યું કે–સાહેબ ! બસ કરો. આનું નામ જ ગમ ખાવી તે છે. વણિકે આમ કહેનાર પર ગુસ્સે ન થાય પણ શાંતિથી કહે કે–કાઢ ભાઇ કાઢ, તારો હિસાબ બતાવ. તારું શું લેણું છે ? કોણ લઇ ગયો છે ? સહી કોની છે ? ઇત્યાદિ કહી તેને ટાઢો પાડે ને પછી વ્યાજબી દેવું નીકળે તો અપાવે. આવી ગમ તો વણિકો જ ખાઇ શકે. બાદશાહે પણ તે વાત કબૂલ કરી.

ગમ ખાવાનો સ્પષ્ટાર્થ એ છે કે–મનુષ્યે સુખ દુઃખના નિમિત્તભૂત કોઇપણ કારણો અકસ્માત આવી પડે તે વખતે સહનશીલપણું રાખવું, શાંતિ જાળવવી જેથી કેટલીક બાબતો તો સ્વયમેવ શાંત થઇ જાય છે અને બીજી બાબતો પણ જોર કરી શકતી નથી. આ ગુણ ઘણો કિંમતી છે તેથી સુજ્ઞજનોએ જરૂર તેનો સ્વીકાર કરવો જોઇએ.

ત્રીજી બાબત દમ ખાના એટલે દમ ખાવાની છે. કોઇપણ બાબત કાને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડે કે નજરે પડે તે વખતે એકદમ અકળાઇ ન જતાં દમ ખાવો એટલે શ્વાસ લેવો, ધીરજ રાખવી. ધીરજથી તે બાબતનો વિચાર કરવો પણ સાહસ ન કરવું. કોઇપણ કાર્ય કરતાં પ્રથમ વિચાર કરવો. પરિણામ સુધી દૃષ્ટિ પહોંચાડવી. પછી લાભ દેખાય તો જ પ્રવૃત્તિ કરવી. આ દમ ખાવાની બાબત ખાસ ધ્યાનમાં રાખવાની છે. તેથી જ 'ઉતાવળા સો બાવરા ને ધીરા સો ગંભીર' એ કહેવત પડી છે. દમ ખાનારને પ્રાયે પસ્તાવું પડતું નથી, કારણ કે તેણે પ્રથમથી જ શું પરિણામ આવશે તે વિચારી લીધું હોય છે.

આ ત્રણે બાબતના સંબંધમાં વિદ્વાનો ઘણું લખી શકે તેમ છે. મેં તો મારી અલ્પમતિ અનુસાર કાંઇક પ્રકાશ પાડ્યો છે. આશા રાખું છું કે આ બાબત ઉપર સુજ્ઞજનો વધારે વિચાર કરશે અને વધારે પ્રકાશ પાડશે. કુંવરજી

## संतोष

આ ત્રણ અક્ષરનો શબ્દ જ એવો આનંદ આપે છે કે તેને શાસ્ત્રકારોએ આપેલી કલ્પતરુની ઉપમા સાર્થક જણાય છે ને એ કલ્પવૃક્ષનાં ફળોનો આસ્વાદ લે છે તેને જ તેનો અનુભવ થઇ શકે છે. જેને જોઇએ તે કરતાં ઘણું વધારે મળ્યું હોય, મળતું હોય, મળવાનો સંભવ હોય છતાં વધારે મેળવવા માટે જે હિંસક વ્યાપાર કરે છે-પાપ વ્યાપાર કરે છે, નિંદિત વ્યાપાર કરે છે તેને માટે શું કહેવું ? તેવા જીવોને જોઇને તેના અજ્ઞાન માટે હૃદયમાં ખેદ થાય છે. એ બધું લોભ-તૃષ્ણા કરાવે છે. તે એવી ભૂરી છે કે ક્રોડાપતિને પણ શાંતિ રહેવા દેતી નથી.

લોકોમાં આઠે દીવાળું કહેવાય છે, સંભળાય છે, દેખાય છે છતાં લોકો આઢ ને જીન પ્રેસ કરે છે. લોકોમાં ઘાણે દીવાળું કહેવાય છે, દીવાળું કાઢતાં જોયા છે, છતાં તેવા વ્યાપાર કરે છે. દાણે દાણે ત્રસ જીવો પડેલા જુએ છતાં તેવી સીંગ પણ વેચે છે, પીલાવે છે ને તેને ઉત્તેજન આપે છે. આ બધું શું ? કોને માટે ? કયા ભવ માટે ? એનાથી થતું પાપ કોણ ભોગવશે ? ભોગવતી વખતે કેવું આકરું થઇ પડશે ? તેનો જરા પણ વિચાર આવે છે ? અત્યારે જરા પણ દુઃખ સહેવાતું નથી તો તે વખતે અસહ્ય દુઃખ કેમ સહેવાશે ? જાગો, જૈન થયા હો તો વિચાર કરો. આર્ય કે હિંદુ થયા હો તો પણ વિચાર કરો. આ બાબતમાં પૂર્વ-પુરુષો ઘણું લખી ગયા છે, વારંવાર ઉપદેશ આપી ગયા છે છતાં ધર્મી કહેવાતા અને ધર્મકાર્યમાં આગેવાન થઇને ફરતાં બંધુઓને જોઇને મનમાં બહુ લાગી આવે છે. તેને માટે જ આ ટૂંકો લેખ લખ્યો છે. આશા છે કે તે કાંઇક ઉપકારક થશે.

કુંવરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# प्रश्नोत्तर

( પ્રશ્નકાર-માસ્તર મોહનલાલ હઠીચંદ-બોટાદ )

**પ્રશ્ન ૧**—ચોવીશ પ્રભુની શાસનદેવી અને દેવનાં નામ શાશ્વત છે ?

**ઉત્તર**—એ નામ દરેક ચોવીશીમાં જુદાં જુદાં હોય છે.

**પ્રશ્ન ૨**—શાસનદેવ ને દેવીઓનો સંબંધ સ્ત્રીપુરુષ તરીકેનો છે ? એ શાસનદેવી પરિગ્રહીતા છે કે અપરિગ્રહીતા છે ?

**ઉત્તર**—એનો સંબંધ સ્ત્રીપુરુષ તરીકેનો નથી. એ પરિગ્રહીતા છે કે કેમ તે સ્પષ્ટ કહેલ નથી.

**પ્રશ્ન ૩**—સોળ વિદ્યાદેવીઓ પરિગ્રહીતા છે કે કેમ ?

**ઉત્તર**—એ વિષે સ્પષ્ટતા જાણવામાં નથી.

**પ્રશ્ન ૪**—વિદ્યાદેવી તેમજ પ્રથમ પ્રભુની શાસનદેવી ચક્રેશ્વરી નામની છે તે બે એક જ છે કે જુદી જુદી છે ?

**ઉત્તર**—વિદ્યાદેવીમાં અપ્રતિચક્રા એવું પણ નામ છે અને શાસનદેવી ચક્રેશ્વરી નામે છે તે બંને જુદી જુદી જાણવી.

**પ્રશ્ન ૫**—સમકિત વમેલા જીવ વિકળેંદ્રિયમાં જાય ?

**ઉત્તર**—એકેંદ્રિયમાં જાય અને વિકળેંદ્રિયમાં પણ જાય.

**પ્રશ્ન ૬**—થીણદ્ધિનિદ્રાના ઉદયવાળો જીવ પ્રથમ ગુણઠાણે આવતો હશે ? કારણ કે છઠ્ઠા ગુણઠાણા સુધી તેનો ઉદય છે ?

**ઉત્તર**—પ્રથમ ગુણઠાણે જતો હશે એમ સંભવે છે, કારણ કે તેનું કાર્ય પ્રથમ ગુણઠાણાના જીવો જેવું છે.

**પ્રશ્ન ૭**—તીર્થંકરોના ચારે નિક્ષેપાની પૂજા અષ્ટપ્રકારી થાય ?

**ઉત્તર**—અષ્ટપ્રકારી પૂજા સ્થાપનાનિક્ષેપાની જ થાય, બાકીના નિક્ષેપાઓ વંદનિક છે.

**પ્રશ્ન ૮**—પુંડરીકસ્વામી પાંચ ક્રોડ મુનિ સાથે સિદ્ધાચળ ઉપર સિદ્ધિ વર્યા છે તે બધા મુનિ એક દિવસે સિદ્ધ થયા હશે ?

**ઉત્તર**—એક દિવસે જ સિદ્ધ થવાનો સંભવ છે તેથી જ ચૈત્રી પુનમની યાત્રાનું ફળ પાંચ ક્રોડગણું કહ્યું છે. વખત એક ન સમજવો.

**પ્રશ્ન ૯**—ક્ષાયિક સમકિતી તિર્યંચ ગતિમાં જાય ?

**ઉત્તર**—સમકિત પામ્યા અગાઉ યુગળિક તિર્યંચનું આયુષ્ય બાંધ્યું હોય તો તે તિર્યંચ ગતિમાં જાય અને ચોથે ભવે મોક્ષે જાય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન** ૧૦--પુણ્યાનુબંધી પાપ કોને કહેવાય? તેની ઉપર પુણીઆ શ્રાવકનું દૃષ્ટાંત આપે છે તે બરાબર છે?

**ઉત્તર**—જે પાપ ભોગવતાં જીવ પુણ્ય બાંધે તેને પુણ્યાનુબંધી પાપ કહેવામાં આવે છે. પુણીઆ શ્રાવકને દૌર્ભાગ્યનો ઉદય હોવાથી તે દરિદ્રી થયેલ છે. લાભાંતરાયનો પણ ઉદય છે. તેને સમ્યગ્‌ભાવે ભોગવતાં તેમજ સ્વામીભાઈની ભક્તિ કરતા તેણે પુષ્કળ પુણ્યનો બંધ કર્યો છે.

**પ્રશ્ન** ૧૧—શ્રેણિક રાજા ક્ષાયિક સમકિત સહિત નરકે ગયા કે તેને વમીને ગયા?

**ઉત્તર**—ક્ષાયિક સમકિત પામેલો જીવ તેને વમતો જ નથી. આયુષ્યને પ્રાંતભાગે લેશ્યા બદલાય છે, પરંતુ મિથ્યાત્વે જતો નથી.

**પ્રશ્ન** ૧૨—જે મનુષ્ય આપઘાત કરીને મરણ પામે તેને ઉપઘાતનામકર્મનો ઉદય કહેવાય? **ઉત્તર**—ન કહી શકાય.

**પ્રશ્ન** ૧૩—સર્વાર્થસિદ્ધ વિમાનમાં કેટલા દીક્ષાપર્યાયવાળા મુનિ જાય?

**ઉત્તર**—તેના પર્યાયનું પ્રમાણ જાણ્યું નથી.

**પ્રશ્ન** ૧૪—અગ્યારમે ગુણઠાણેથી ચ્યવીને સર્વાર્થસિદ્ધ વિમાને કયો જીવ જાય?

**ઉત્તર**—પ્રથમ સંઘયણવાળો અને જેણે પૂર્વે સર્વાર્થસિદ્ધ વિમાનનું ૩૩ સાગરોપમનું આયુષ્ય બાંધ્યું હોય તે જાય.

**પ્રશ્ન** ૧૫—અગિયારમા ગુણઠાણાની સ્થિતિથી ચ્યુત થાય તો પ્રથમ ગુણઠાણે આવે અને ચારે ગતિમાં જાય?

**ઉત્તર**—અગિયારમા ગુણઠાણાની સ્થિતિ પૂરી થયે ત્યાંથી પડે ને પહેલે ગુણઠાણે પણ આવે અને ચારે ગતિમાં જાય.

**પ્રશ્ન** ૧૬—સર્વાર્થસિદ્ધ વિમાને દરેક દેવનું આયુ ૩૩ સાગરોપમ જ હોય?

**ઉત્તર**—ત્યાં સ્થિતિ જ સર્વ દેવની તેટલી છે.

**પ્રશ્ન** ૧૭—તિર્યંચ મનુષ્ય યુગળિકનું આયુ બાંધનાર જીવ ક્ષાયિક સમકિત પામે? જો પામે તો ક્ષાયિક સહિત ત્યાં જાય?

**ઉત્તર**—ક્ષાયિક પામે ને તે સહિત ત્યાં જાય.

**પ્રશ્ન** ૧૮—યુગળિકમાં કયા કયા સમકિત હોય?

**ઉત્તર**—ક્ષાયોપશમિક, ઔપશમિક ને ક્ષાયિક ત્રણે હોઇ શકે.

**પ્રશ્ન** ૧૯—યુગળિકને ગુણઠાણા કેટલા હોય? **ઉત્તર**—ચાર ગુણઠાણા હોય.

**પ્રશ્ન** ૨૦—પરમાધામી મરણ પામીને કયાં ઉપજે?

**ઉત્તર**—તે અંડગોળીઆ મનુષ્ય જેવી મુખાકૃતિવાળા જળચર તિર્યંચ ગતિમાં ઉપજે છે, અને ત્યાંથી મરણ પામીને નરકે જાય છે.

**પ્રશ્ન** ૨૧—નિગોદના જીવોની અવગાહના નાની મોટી હોય છે?

**ઉત્તર**—એની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની હોય છે. નિગોદ નામ શરીરનું છે. એકેક નિગોદમાં અનંતા જીવો હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન** ૨૨—એક નિગોદનો અનંતમો ભાગ સિદ્ધ થયેલ કહે છે તે કઈ નિગોદનો ? બાદરનો કે સૂક્ષ્મનો ?

**ઉત્તર**—બન્નેમાંથી ગમે તેનો સમજવો. બન્ને પ્રકારની દરેક નિગોદમાં સિદ્ધથી અનંતગુણા જીવો હોય છે.

**પ્રશ્ન** ૨૩—તીર્થંકરના દીક્ષા લીધા પછી કેશ, રોમ ને નખ વધતા નથી તે અતિશય સંસારીપણામાં હોય ? **ઉત્તર**—સંસારીપણામાં ન હોય.

**પ્રશ્ન** ૨૪—સામાન્ય કેવળીને એ અતિશય હોય ?

**ઉત્તર**—એ વિષે વાંચવામાં આવેલ નથી.

**પ્રશ્ન** ૨૫—ઋષભપ્રભુએ ચાર મુષ્ટિ લોચ કરતાં એક મુષ્ટિ કેશ જે બાકી રાખ્યા તે ત્યારપછી વધ્યા હશે ? **ઉત્તર**—વધ્યા નથી. જેટલા હતા તેટલા જ રહ્યા છે.

**પ્રશ્ન** ૨૬—જ્ઞાનાવરણીય ને અજ્ઞાનમાં ફેર શો ?

**ઉત્તર**—ત્રણ અજ્ઞાન અને પ્રથમના ચાર જ્ઞાન, જ્ઞાનાવરણીના ક્ષયોપશમથી જ થાય છે. મિથ્યાત્વવાળા જીવને ક્ષયોપશમથી થાય તે અજ્ઞાન કહેવાય છે. સમકિતીને થાય તે જ્ઞાન કહેવાય છે.

**પ્રશ્ન** ૨૭—તીર્થંકરનો જન્મ રાત્રિએ જ થાય કે દિવસે પણ થાય ?

**ઉત્તર**—જન્મ તો મધ્યરાત્રિએ જ થાય છે.

**પ્રશ્ન** ૨૮—ઋષભદેવે વર્ષીતપને પારણે ઇક્ષુરસના ૧૦૮ ઘડા પીધા તે કેવડા હશે ?

**ઉત્તર**—ઘડા ૧૦૮, ૯૯ અને એક પણ કહેલ છે તે મતાંતર છે. ઘડાનું પ્રમાણ પ્રભુ પી શકે તેવડું સમજવું.

**પ્રશ્ન** ૨૯—મિથ્યાપર્વને અંગે કોઈએ કરેલી વસ્તુ ખાવાથી મિથ્યાત્વ લાગે ?

**ઉત્તર**—એમાં મિથ્યાત્વ લાગવાનો સંભવ નથી.

**પ્રશ્ન** ૩૦—અવસર્પિણી ઉત્સર્પિણીના સર્વ તીર્થંકરોનાં પાંચે કલ્યાણકોની તિથિઓ એક જ હશે ?

**ઉત્તર**—દશે ક્ષેત્રની ત્રીશે ચોવીશીના તીર્થંકરોની પાંચે કલ્યાણકોની તિથિ એક જ સમજવી. માત્ર અવસર્પિણીથી ઉત્સર્પિણીમાં ઉત્ક્રમ સમજવો. એટલે અહીં જે મહાવીરસ્વામીનાં કલ્યાણકની તિથિઓ તે આવતી ચોવીશીના પ્રથમ તીર્થંકર પદ્મનાભની સમજવી અને ઋષભદેવનાં પાંચ કલ્યાણકની તિથિઓ તે અનાગત ચોવીશીના ૨૪ મા તીર્થંકરની જાણવી.

**પ્રશ્ન** ૩૧—માખણને છાશમાંથી બહાર કાઢ્યા પછી તેમાં જીવોત્પત્તિ ક્યારે થાય ?

**ઉત્તર**—તરત જ થાય એમ કહ્યું છે.

**પ્રશ્ન** ૩૨—વિભંગજ્ઞાનીને અવધિદર્શન હોય ?

**ઉત્તર**—એને અવધિદર્શન હોય એમ કોઈ આચાર્ય કહે છે, કારણ કે છદ્મસ્થને પ્રથમ દર્શન થયા પછી જ જ્ઞાન થાય છે. **કુંવરજી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્ષમા અને દિલાવર દિલ

પોતામાં શકિત છતાં કોઈનો અપરાધ જતો કરવો તેનું નામ ક્ષમા અથવા દિલાવર દિલ. આ ગુણ સર્વ ગુણોમાં શ્રેષ્ઠ છે. ઈશ્વરી આજ્ઞા છે કે જે કોઇએ તમારો વાંક કર્યો હોય તેને ક્ષમા આપવાની ટેવ પાડો. આ ઉપરથી હજરત મહમદ પેગંબર સાહેબે જ્યારે મક્કા છતી લીધું ત્યારે જે જે સરદારોએ તેમને ઘણાં દુઃખ દીધાં હતાં ને તેથી તેઓ ઘણો ભય પામી ગયા હતા તેમને પેગંબર સાહેબે છોડી મૂકયા, ને તેમના ગુન્હાની ક્ષમા આપી. તે સાથે વિશેષમાં શિખામણરૂપે કહ્યું કે "જેઓએ અમારી સાથે બુરાઇ કરી તેઓની સાથે અમે ભલાઇ વિના બીજું કાંઇ કરવાના નથી. તેમજ ખોટું બહાનું કાઢવાની ટેવ નહિ રાખીને માત્ર લોકોનું ભલું કરવું. અમારી સાથે સારી રહેણીકરણી રાખવી તે ખાસ ધ્યાનમાં રાખવું." નીતિ જાણનારા કહી ગયા છે કે—

**મોટો વાંક ઘણો કદી તો પણ તેને ક્ષમે ક્ષમાવાળો,**
**તેની વડાઇ તેથી અતિશય મોટી ખરેખરી ભાળો.**

અરબસ્તાનના પાદશાહના કુટુંબીઓની કતલ કરીને એક અપરાધી તે પાદશાહની હજુરમાં પોતાની મેળે આવી હાજર થયો. તેને પાદશાહે કહ્યું કે–આવું તારું બેધડકપણું જોઇને મને આશ્ચર્ય થાય છે, કારણ કે મારા કુટુંબમાં અને મારી બાબતમાં તેં ઘણો અપરાધ કર્યો છે છતાં પણ તું મારી શિક્ષાથી ન ડરતાં બેધડકપણે ચાલ્યો આવ્યો ને શિક્ષાનો ડર ન રાખ્યો. અપરાધીએ જવાબ આપ્યો કે–હું આ પ્રમાણે આપની હજુરમાં ચાલ્યો આવ્યો ને શિક્ષાનો ડર રાખ્યો નહિ તેનું કારણ એ છે કે–મારો અપરાધ મોટો છે, તો પણ આપનામાં ક્ષમા કરવાનો ગુણ છે તે તેના કરતાં પણ વધારે મોટો છે. આ તેનું બોલવું પાદશાહને પસંદ પડયું, તેથી તેના ગુન્હાની માફી આપી. આવો પ્રસંગ જોઇને એક હજુરીએ કહ્યું કે–આવા શત્રુને શિક્ષા કરવાનો લાગ મળ્યા છતાં આપે તેવા ડગાઇભરેલા બોલ ઉપરથી ભૂલ ખાઇ જઇને બદલો કેમ ન લીધો? પાદશાહે કહ્યું—ના તેમ નથી. મેં મારા મનમાં એમ વિચાર્યું કે જો હું બદલો લઉં તો મારું મન ખુશી થાય અને સંતોષ પામે, પણ જો ક્ષમા કરું તો તેથી તેનું મન ખુશી થાય ને પરલોકનું પુણ્ય પ્રાપ્ત થાય.

**ક્ષમા આપતાં વાંકની, રસ મનમાં રેલાય;**
**શિક્ષા કરતાં થાય રસ, તે તેવો ન ગણાય.**

## દિલાવર દિલ

દિલ્હીનો પાદશાહ શાહજહાં એક દિવસ વસુલાતખાતાના અમલદારોને એકઠા કરી પોતાના મુલકની આગલા તથા ચાલતા વર્ષની ઉપજની તપાસ કરતો હતો. દરેક ગામડાની આગલી સાલમાં કેટલી ઉપજ હતી અને આ સાલ કેટલી ઉપજ આવી આ તપાસમાં એક ગામડાની ઉપજ પહેલાં કરતાં દોઢી જણાઇ. આવો આંકડો જોઇ પાદશાહ વિચારમાં પડયો ને અમલદારોને કહ્યું કે–બીજા ગામડાની ઉપજમાં ગઇ સાલ અને આ સાલની ઉપજ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેળવતાં સહજસાજ વધારો ઘટાડો જણાય છે, પણ આ ગામડાની ઉપજ એક વરસમાં દોઢી કેમ થઇ? શું તમે કોઇ જાતના તે ગામમાં નવા કર દાખલ કર્યા છે? તેના જવાબમાં વસુલાતી અધિકારીએ ઉત્તર આપ્યો–જહાંપનાહ, તે ગામમાં કોઈપણ જાતના નવા કરવેરા દાખલ કર્યા નથી. દરેક બાબતમાં ગઇ સાલ પ્રમાણે વસુલાત કરવામાં આવી છે, પણ આ સાલ ઘણા વરસાદને લીધે નદીમાં મોટા પૂર આવવાથી નદીનો પ્રવાહ બદલી બીનખેડાણ જમીનમાં ચાલતો થયો અને જ્યાં મૂળ નદીનું વહેણ હતું તે પાણીના પૂરથી પુરાઇ ગયું અને ખેડવા લાયક જમીન બની. તે જમીન ખેડવા માટે અને તેમાં વાવેતર કરવા માટે નવા ખેડુતને લાવીને નવી જમીન ખેડાવવાથી અને તે રસાળ જમીનમાં પાક સારો થયો તેથી ઉપજ સારી થઇ. પરિણામે તે ગામની ઉપજ દોઢી થઇ છે.

પાદશાહ આ શબ્દ સાંભળી ગંભીરતાથી બોલ્યો કે–ખુદાતાલાની મહેરબાનીથી જળ મટી જમીન બની અને તે ખેડાવી તેની ઉપજ મારા ખજાનામાં નાખી એ બહુ જ અઘટિત કામ કર્યું છે. પરવર દીગારની કૃપાથી આ કામ થયું છે અને તેનો ઉપયોગ પરમાર્થ કરવામાં વાપરવો જોઇએ તેટલા માટે મારું ફરમાન છે કે–તે ગામડાની વધારે આવેલી ઉપજ પશુઓને ઘાસચારો આપવામાં વાપરો અને તે જમીન હંમેશને માટે ગૌચર તરીકે ખુલ્લી રાખવાનું હું ફરમાન કરું છું. ધન્ય છે એવા દયાળુ પાદશાહને.

**સ્વ૦ અમીચંદ કરશનજી શેઠ**

# સ્યાદ્વાદ સંબંધી સાહિત્ય

(૨)

( લેખકઃ—પ્રો. **હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ.** )

**તર્કરહસ્યદીપિકા**ની રચના **ગુણરત્નસૂરિ**ને હાથે થયેલી છે. એ આચાર્યે વિ. સં. ૧૪૬૬ માં **ક્રિયારત્નસમુચ્ચય** નામનો ગ્રંથ રચ્યો છે. **તર્કરહસ્યદીપિકા** એ **શ્રી હરિભદ્ર**-સૂરિકૃત **ષડ્દર્શનસમુચ્ચય**ની વૃત્તિ છે. એમાં જે પ્રસંગાનુસાર સ્યાદ્વાદનું નિરૂપણ છે તેમ **ષડ્દર્શનસમુચ્ચય**ની બીજી બધી ટીકાઓમાં પણ હશે, પણ એ ટીકાઓ મારી સામે નહિ હોવાથી હું અત્યારે કંઈ કહી શકું તેમ નથી.

**સ્યાદ્વાદકલિકા** એ **રાજશેખર**ની કૃતિ છે. વિ. સં. ૧૪૦૫ માં **ચતુર્વિંશતિપ્રબન્ધ** યાને **પ્રબંધકોશ** રચનારા **રાજશેખર** તે આ જ હોય એમ મનાય છે.

**અનેકાન્તવ્યવસ્થા** એ ન્યાયાચાર્ય **યશોવિજય**ગણિની કૃતિ છે. એ નાશ પામેલી મનાતી હતી, પણ એક વેળા **આ. શ્રી વિજયવલ્લભસૂરિ**દ્વારા હું પંજાબના એક ભંડાર-માંથી એની એક હસ્તલિખિત પ્રતિ મેળવી શક્યો હતો અને તેની પ્રતિકૃતિ પણ મેં કરાવી લીધી હતી. એ ઉપરથી **વિજયદર્શનસૂરિ**એ એક નકલ ઉતરાવી લીધી છે અને સાંભળ્યા પ્રમાણે એ અત્યારે છપાય છે. આ કૃતિ સ્યાદ્વાદના સંક્ષિપ્ત પરંતુ સાથેસાથે સચોટ નિરૂપણ માટે અદ્વિતીય ગણાય તેમ છે. **સ્યાદ્વાદભાષા** અને **સ્યાદ્વાદરહસ્ય** પણ આ જ ન્યાયાચાર્યની કૃતિઓ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ગુજરાતી

( ૧ ) અનેકાન્તવાદપ્રવેશનું ભાષાન્તર.
( ૨ ) તત્ત્વાખ્યાન ( ઉત્તરાર્ધ, પૃ. ૧૧૨–૧૮૫ ).
( ૩ ) સ્તુતિચતુર્વિંશતિકાનું સ્પષ્ટીકરણ ( પૃ. ૧૧૨–૧૧૫ ).
( ૪ ) અનેકાન્તવાદની મર્યાદા.
( ૫ ) સ્યાદ્વાદની સાર્થકતા.
( ૬ ) સ્યાદ્વાદ એટલે.
( ૭ ) જૈનેતર દૃષ્ટિએ જૈન.
( ૮ ) સ્યાદ્વાદ અને સપ્તભંગી.

**અનેકાન્તવાદપ્રવેશ** એ સંસ્કૃત કૃતિ છે. એનું ભાષાન્તર સ્વ. **મણિલાલ નભુભાઈ દ્વિવેદી**એ ઘણાં વર્ષો ઉપર કર્યું હતું. આજે એની એકે નકલ મળતી નથી, તો આ મૂળ સંસ્કૃત કૃતિ અને તેનું ભાષાન્તર ફરીથી છપાય એ ખાસ ઇચ્છવાજોગ છે.

**તત્ત્વાખ્યાન** એ સ્વ. ઉપાધ્યાય **મંગલવિજયજી**ની કૃતિ છે. એમાં છ યે દર્શનોનું નિરૂપણ છે.

**સ્તુતિચતુર્વિંશતિકા** એ **શોભન** મુનિની કૃતિ છે અને એનું સ્પષ્ટીકરણ મેં તૈયાર કર્યું છે.

**અનેકાન્તવાદની મર્યાદા** એ નાનો સરખો લેખ છે અને એના લેખક પંડિત સુખલાલજી છે.

**સ્યાદ્વાદની સાર્થકતા** એ મુનિ **ચતુરવિજયજી**ની નાનકડી કૃતિ છે.

**સ્યાદ્વાદ એટલે** એ વિદ્વદ્વલ્લભ મુનિ **પુણ્યવિજયજી**નો લેખ છે.

**જૈનેતર દૃષ્ટિએ જૈન** એ સ્વ. મુનિ **અમરવિજયજી**ની કૃતિ છે.

**સ્યાદ્વાદ અને સપ્તભંગી** એ મેં અહીંની–સુરતની કૉલેજના ભારતીય વિદ્યા-મંડળના આશ્રય હેઠળ મળેલ સભામાં વાંચેલો નિબંધ છે. એનો સાર આ કૉલેજ તરફથી પ્રસિદ્ધ થતા 'સાર્વજનિક' માં ટૂંક સમયમાં છપાવાનો છે.

## હિન્દી

**( १ ) ही और भी पर विचार. ( २ ) दर्शन और अनेकान्तवाद.**

આ પૈકી પહેલી [૧]કૃતિ ૩૮ પાનાંની છે અને એના રચનાર જૈનાચાર્ય **વિજય-લબ્ધિસૂરિજી** છે, જ્યારે બીજીના પ્રણેતા પંડિત **હંસરાજ શર્મા** છે.

આ ઉપરાંત કેટલીક પ્રસ્તાવનામાં પણ સ્યાદ્વાદનું નિરૂપણ છે. જેમકે **ન્યાયકુમુદ-ચન્દ્રોદય**( ભા. ૧ ) ની પં. કૈલાસચંદ્રકૃત પ્રસ્તાવના ( પૃ. ૬૧–૬૪ ), **પ્રમાણમીમાંસા**ની પં. **સુખલાલ**કૃત પ્રસ્તાવના ( પૃ. ૧૩–૧૪ અને ૧૮–૨૮ ), **અકલંકત્રયની મહેન્દ્રકુમાર**-કૃત પ્રસ્તાવના ( પૃ. ૮૮–૯૧ ). અને એને અંગેનું પં. **સુખલાલ**નું પ્રાક્કથન ( પૃ. ૧૨ ).

## અંગ્રેજી

( ૧ ) Outlines of Jainism (pp. 116–117) by J. L. Jaini—૧૯૧૬

( ૨ ) An Epitome of Jainism ( pp. 103–117 & 136–171 ) by Puran Chand Nahar and Krishnachandra Ghosh—૧૯૧૭

( ૩ ) "The under-currents of Jainism" by S. K. Belvalkar published in "The Indian Philosophical Review" ( July, 1917 )

૧ "શ્રી આત્માનંદ જૈન ટ્રેક્ટ સોસાયટી" (અંબાલા)ની આ ૨૫ મા ક્રમાંકવાળી કૃતિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૪ ) " The under-currents of Jainism a reply to criticisms" by Dr. S. K. Belvalkar. આ જૈન સાહિત્ય સંશોધક (પુ. ૧, અં. ૧, પૃ. ૧-૪)માં ઇ. સ. ૧૯૨૦ ના એપ્રિલમાં પ્રકાશિત થયેલ છે.

( ૫ ) Prof. A. Chakravartinayanar's introduction ( pp. LXXVI-LXXXV ) to Pañcāstikāya--૧૯૨૦

( ૬ ) A History of Indian Logic ( pp. 167 f, 181 & 184 ) by Satis-chandra Vidyabhusan—૧૯૨૧

( ૭ ) A History of Indian Philosophy ( vol. I, pp. 179-181 ) by S. Dasgupta—૧૯૨૨

( ૮ ) Introduction ( pp. 29-30 ) to Nyāykusumāñjali—૧૯૨૩

( ૯ ) Indian Philosophy ( vol. I, pp. 302-304 ) by S. Radhakrishnan—૧૯૨૩

( ૧૦ ) The Science of Thought ( pp. 114-127, 2 nd edition ) by C. R. Jain—૧૯૨૪ ( પહેલી આવૃત્તિ ૧૯૧૬ )

( ૧૧ ) The Jaina Philosophy ( pp. 23-24 & 238-240 ) 2nd edition by V. R. Gandhi—૧૯૨૪ ( પહેલી આવૃત્તિ આ પૂર્વે ).

( ૧૨ ) Foreword ( pp. CXL-CXLI ) to Tattvasaṅgraha by Dr. B. Bhattacharyyh—૧૯૨૬

( ૧૩ ) Notes (pp. 182-184, 2nd edition) on the Brahmasūtra of Bādarāyaṇa by Dr. S. T. Belvaltkar—૧૯૩૧ (પ્રથમ આવૃત્તિ ૧૯૨૩-૨૪)

( ૧૪ ) Confluence of Opposites by C. R. Jain—૧૯૨૮

( ૧૫ ) Outlines of Indian Philosophy ( pp. 163-166 & 173 ) by M. Hiriyanna—૧૯૩૨

( ૧૬ ) Introduction ( pp. LXXXIII-XCI ) to Pravacanasāra by Prof. A. N. Upadhye—૧૯૩૫

( ૧૭ ) Ganganath Jha's English translation ( Vol. I, pp. 835-860 ) of Tattvasaṅgraha—૧૯૩૭-૩૯

( ૧૮ ) Sammatitarka ( English translation by Prof A. S. Gopani and introduction by Prof. A. B. Athavale )—૧૯૩૯

( ૧૯ ) "The Jaina Theory of Anekanta-vada" by K. C. Bhattacharya published in "The Jaina Antiquary"(Vol.IX,No.1)-૧૯૪૩.

જર્મન વગેરે ભાષામાં પણ સ્યાદ્વાદ વિશે લખાયેલું છે, પણ તેનો ઉપયોગ કરનારની સંખ્યા બહુ જ નાની હોવાથી એની હું અહીં નોંધ લેતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભાવિક પુરુષો

## પટ્ટધર બેલડી (૯)

કાયા શિથિલ થઈ રહી હતી. વિહાર લાંબો ને કપરો હતો છતાં હાર્દિક આનંદ પણ ન્યૂન ન હોવાથી વૃદ્ધદશામાં પાંગરી ચૂકેલા આચાર્યશ્રી એનો પાર કરી પાટલીપુત્ર આવી પહોંચ્યા. દક્ષિણ દેશમાં આવેલ ઉદ્યાનમાં પ્રાતઃકાળ પૂર્વેના અલ્પ સમયમાં આવેલ સ્વપ્ન તાજું કરી ગયા. પાટલીપુત્રના મનોરમ ઉદ્યાનમાં જ એ સ્વપ્ન અનુસાર પોતાના ખંધ પરની શાસનધૂરા યોગ્ય એવા શિષ્યોના ખભા પર મૂકી દેવાનો નિરધાર કર્યો. એ અંગેના વિધિ–વિધાનમાં કાળક્ષેપ ન કરતાં આજના પવિત્ર દિને એની જાહેરાત કરવાની વાત વહેતી મૂકવામાં આવી. ખુદ મહામંત્રીશ્વરને હાજર રહેવાની આજ્ઞા થઈ.

ઉદ્યાનની વિશાલતા હોવા છતાં–મધ્ય ભાગે આવેલ મંડપ પણ કંઈ સાંકડો ન છતાં–આજનું આકર્ષણ કંઈ જુદું હોવાથી નિયત સમય થતાં પૂર્વે તો એ સ્થાન માનવ-ગણથી છલકાવા માંડ્યું. સ્વચ્છ ને સુંદર વસ્ત્રોથી સજ્જિત બની નરનારીઓના વૃંદો એમાં પોતપોતાના ઉચિત સ્થાને ગોઠવાવા લાગ્યા. ઉદ્યાનમાં રોપેલા જાતજાતના ફૂલો મીઠી સુવાસ ચોપાસ પ્રસરાવી રહ્યાં હતાં. સવિતા નારાયણની સ્વારી પણ ધીમી ગતિએ આગળ કૂચ કરતી હોવાથી એની ઉષ્મા દેહધારીઓ માટે કષ્ટદાયક નહોતી પણ સ્ફુર્તિદાયક હતી. ચોતરફ કોઈપણ જાતનું આવરણ ન હોવાથી હવા પ્રકાશની ખામી નહોતી. એમાં મંદ મંદ વાતા વાયરાનો સહકાર કોઈ અનેરો આનંદ આપી રહ્યો હતો.

આચાર્ય શ્રી યશોભદ્રસૂરિ નજીકના આવાસમાંથી પધારતાં જ સહુ ઊભા થયા. તેઓશ્રીએ આસન પર બેઠક લીધી. આસપાસ શિષ્યગણ પણ આવી બેસી ગયો. એટલે ગુરુવંદન અને સુખશાતા પૂછવાની વિધિ મહાઅમાત્ય શકડાલે શરૂ કરી. એ પૂર્ણ થતાં જ ગંભીર ગિરામાં આચાર્યશ્રી તરફથી મંગળાચરણ શરૂ થયું. એ વેળા જનસંખ્યા અતિ વિશાલ હોવા છતાં શાંતિ અને નિરવતા એટલી હદે પથરાઈ હતી કે એકાદ સોયના પડવાનો અવાજ પણ સંભળાય.

સૂરિમહારાજની એક બાજુ પ્રૌઢતાને વટાવી વૃદ્ધત્વના પ્રાંગણમાં પ્રવેશતાં સંત સંભૂતિવિજય, નંદનભદ્ર, તીશભદ્ર તેમજ કેટલાંક નવદીક્ષિત સાધુઓ સાથે બેઠા હતા જેમાં પેલા સિંહને વશ કરનાર, સર્પ પાળનાર, આદિ મિત્રોની ત્રિપુટીનો સમાવેશ થતો હતો. બીજી બાજુ વિવિધ પ્રકારની વિદ્યાના ભંડાર સમા–પ્રખર બુદ્ધિમત્તાનો ભાસ કરાવતા, વિશાળ કપોળથી શોભતા યૌવનવયના આંગણમાં નૃત્ય કરતી ઉત્સુકતા–જિજ્ઞાસા અને નવિનતાથી આકંઠ ભરેલાં શ્રમણ ભદ્રબાહુ, ઋજુમતિ, પૂર્ણભદ્ર, પાંડુભદ્ર તેમજ વરાહમિહિર અને પેલા ઉદ્યાનમાં મળેલા ને હાલ સાધુ થયેલા ગૃહસ્થ પણ હતા. જેમ વિવિધ ગ્રહોના સમૂહ વચ્ચે સહસ્રરશ્મિ દેવ શોભી ઊઠે તેમ આ મુનિગણની મધ્યે આચાર્ય શ્રી યશોભદ્રસૂરિ પોતાના મહત્વતાભર્યા પદથી શોભી રહ્યા હતા.

ॐकारबिंदुसंयुक्तम्
नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव
ॐकाराय नमोनमः ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अज्ञानतिमिरांधानाम्
ज्ञानांजनशलाकया ।
नेत्रमुन्मीलितं येन
तस्मै श्रीगुरवे नमः ॥

એ પ્રમાણે મંગળિક કરી દેશના આરંભી—

सदापायः कायः
प्रणयिषु सुखं स्थैर्यविमुखं ॥
महारोगा भोगाः,
कुवलयदृशः सर्पसदृशः ॥

गृहावेशः क्लेशः,
प्रकृतिचपला श्रीरपि खला ।
यमः स्वैरी वैरी,
परमिह हितं कर्त्तुमुचितम् ॥

આ શરીર નિરંતર અપાયરૂપ છે યાને મલિનતાથી ભરેલ છે. સ્નેહીનું સુખ પણ અસ્થિર છે. વિષયભોગો મોટા રોગોના જન્મદાતા છે. સ્રીયો સાથેના વિલાસ સર્પદંશના વિષ જેવા છે. ઘરવાસ ક્લેશોથી ભરપૂર છે. લક્ષ્મી ચંચળ સ્વભાવી હોઇ છેતરનારી છે. વૈરી એવો જે કાળ તે એટલી હદે સ્વેચ્છાચારી છે કે ગમે તે વખતે જીવને ઉપાડી લે છે. જ્યાં પરિસ્થિતિ આવી વિષમ અને વિપદ્‌ભરી છે ત્યાં સમજુ આત્માએ આ ભવ પરભવમાં હિતકારી એવું ધર્મ સાધન કરતાં રહેવું જોઇએ. જરા માત્ર પ્રમાદ સેવવો ન ઘટે. સંસારનું સ્વરૂપ વિચિત્રતાપૂર્ણ છે. કહ્યું છે કે—

धी धी धी संसारं,
देवो मरिऊण जं तिरी होई ।
मरिऊण रायराया,
परिपच्चइ निरियजालाए ॥

જ્યાં દેવના જેવા શક્તિશાળીઓને મરણ પામી તિર્યંચ યોનિમાં અવતરવું પડે છે અને મોટા ચક્રવર્તીઓ જેવાને નરકની ભઠ્ઠીમાં બળવું પડે છે એવા આ સંસારને વારંવાર ધિક્કાર છે! ધિક્કાર છે! સંસારના સંબંધો પણ પંખીના મેળા સમા છે.

पियपुत्तमित्तघरघरणिजाय,
इहलोइअ सवनियसुहसहाय ।
न वि अत्थि कोइ तुह सरणिमुख,
इक्कल्लु सहसि तिरिनिरयदुख ॥

હે મૂર્ખ! આ લોકમાં સ્વજન તરીકે લેખાતા પિતા, પુત્ર, મિત્ર, ઘર, સ્રી અને સંતાન આદિનો સમૂહ પોતપોતાના સુખને જોવાના સ્વભાવવાળો છે. જ્યારે કર્મના ઉદયકાળે તિર્યંચ અને નર્ક ગતિનાં દુઃખો ભોગવવા પડશે તે તો તારે એકલાને જ. એ વેળા ઉપરના સંબંધીમાંથી કોઇ પણ શરણ દઇ શકશે નહીં, વળી આ સંસારનો વાસ કેવો છે તે બતાવતાં કહ્યું છે કે—

कुसग्गे जह उसबिंदुए,
थोवं चिठइ लंबमाणए ।
एवं मणुआण जीवियं,
समयं गोयम मा पमायए ॥

ડાભના અગ્રભાગે ઝાકળના બિંદુના પ્રસરવા જેવી આ જિંદગી છે. એ બિંદુ માંડ સ્થિર થાય ત્યાં પવનનો સપાટો લાગે અને હતું ન હતું બની જાય! આ માનવ જિંદગી પણ તેવી સમજી પરમાત્મા શ્રી મહાવીર દેવ કહે છે કે–હે ગૌતમ! ક્ષણમાત્ર પ્રમાદ ન કરીશ.

પ્રમાદે કેવા કેવાને મૂંઝવી ધૂળ ફાકતા કરી દીધા એ પર આચાર્યશ્રીએ દૃષ્ટાન્તો ટાંકી લંબાણથી પ્રવચન કર્યું અને ઉપસંહાર કરતાં જણાવ્યું કે–' મારે આજે ચાલુ વિષયના અનુસંધાનમાં જે મહત્વની વાત કહેવાની છે તે એ છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે મારા પ્રયાણની નોબત વાગી રહી છે. કાયામાં થઇ રહેલાં પરિવર્તનો, એ વાતના સાક્ષીએ છે. તીર્થંકર દેવના શાસનનો જે જવાબદારીભર્યો ભાર મારી પીઠ ઉપર મારા ગુરુદેવ તરફથી મૂકવામાં આવેલ તે આજે હું ઉતારી દેવા ઇચ્છું છું. મારામાં શક્તિ હતી ત્યાં સુધી એ અધિકાર કિંવા એ ફરજસૂચક જવાબદારી બજાવી, પણ હવે એ માટે અન્યમાં યોગ્યતા છે એવી મને પૂરી પ્રતીતિ થઇ છે અને અંતરનાદ પણ એ યોગ્યતાની કદર કરવાનું પોકારે છે એટલે આજના આ પ્રસંગે એ સ્થાન પર–એ અધિકાર પર–અથવા તો એ શાસન પ્રત્યેની ફરજ યથાર્થ બજાવવાના અનુપમ પદ પર–હું મારા બે શિષ્યોને સ્થાપવા તત્પર થયો છું. અત્યાર સુધીની પ્રણાલિકા તો જે પાટ શ્રી સુધર્માસ્વામીથી ઊતરતી આવી છે એ પર એક ગચ્છાધિપતિ નિયુક્ત કરવાની છે. એના જ વરદ હસ્તમાં સારા યે શાસનની અર્થાત્ ચતુર્વિધ સંઘની લગામ સોંપવાની છે. અત્યાર સુધી એ પ્રમાણે જ બનતું આવ્યું છે.

પણ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવરૂપ જે મહત્વની ચોપગી આરસી તીર્થંકર દેવ તરફથી ગીતાર્થને વારસામાં અપાય છે એના અવલોકનથી મને ચાલી આવતી પ્રથામાં થોડોક ફેરફાર–નવી ઉમેરણી–ઇષ્ટ જણાય છે અને એ કરવામાં દીર્ઘદર્શિતા લાગે છે એટલે હું મારા અંતેવાસી તરીકે એક નહિં, પણ બે શિષ્યોને નીમવાનો છું. જિનભગવાનના શાસનની–પરમાત્મા શ્રી મહાવીરદેવપ્રરૂપિત અનેકાંતદર્શનની–અંતિમ નિર્વાણ પામનાર ગણધર મહારાજ શ્રી સુધર્માસ્વામીના આગમની સાર–સંભાળ રાખવાનું, એની યશ કીર્તિ વિસ્તારવાનું, ઇતર દર્શનોના તાતા તીર સમા આક્ષેપોની હારમાળા વચ્ચે અડગ ઊભી સ્વદર્શનનો યુક્તિપુરસ્સર વિજયધ્વજ ફરકાવવાનું કાર્ય એ ઉભયનું રહેશે. પટ્ટધરપદનો ભોગ એ ઉભયે સાથે મળીને કરવાનો છે. ગચ્છાધિપતિના અધિકાર એ બન્નેએ મળી–સમજીને ભોગવવાનો છે.

આ જવાબદારીભર્યા સત્તાનાં સૂત્રો હાથમાં આવ્યા સમજી એ દ્વારા સત્તાનો મદ કે અધિકારપણાનો ગર્વ રંચમાત્ર પ્રવેશવા પામે તેવી નાની સરખી પણ છટકબારી ખુલ્લી રાખવાની નથી. એમાં ઘણું જ જોખમ છે એ વાતની યાદ આ સભા સમક્ષ એમને આપું છું. આ પદ જેમ મોટું છે તેમ એની જવાબદારી પણ અતિઘણી છે. એ અલંકારને ધારણ કરનાર પૂર્ણપણે ગંભીર, ઠરેલ અને દીર્ઘદ્રષ્ટા જ જોઇએ. એના હાથે પ્રમાદ જરા પણ ન થવો ઘટે. એના નેત્રો પક્ષપાતના રંગથી હરગીજ ન રંગાય. આ કોઇ સંસારમાં બને છે તેમ બાપનો વારસો દિકરાને મળે તેવી ક્રિયા નથી. વર્ષોજૂના અને ગાઢ પાસા સેવતા શિષ્યોને બાજુએ રાખીને યોગ્યતા નિરખી–દરેક દૃષ્ટિબિન્દુઓને નજરમાં રાખી–સુપરત કરવાનો અણમૂલો વારસો છે. જેમ સિંહણનું દૂધ રાખવા સારુ સુવર્ણનું પાત્ર જરૂરી લેખાય–એમાં માટીનું વાસણ કામ ન આવે તેમ અનેકાંતદર્શનના રહસ્યમય સિદ્ધાન્તો ભરેલ આગમ જ્ઞાન–એ અંગેની વાચના–પૃચ્છના–ચોયણા–પડિચોયણા આદિના નિયંત્રણ–સારુ ચુનંદા મગજ જોઇએ. ઊંડા અભ્યાસી અને ધૈર્યશીલ આત્માઓ જોઇએ. સંપૂર્ણ વિદ્વત્તાથી ભરપૂર ઉદાર હૃદયના વક્તાઓ જોઇએ. લાંબી નજરે જોનારા મહાત્માઓ જોઇએ. એ દૃષ્ટિબિન્દુ નજર સામે રાખતાં–શિષ્યપણાનો સહવાસ કે લાંબા કાળની સેવા ઘડીભર ભૂલી જવી પડે એની ફિકર નહીં. નેત્રો સામે કેવલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસનનો ઉત્કર્ષ રમવો ઘટે. આટલા માટે તો શ્રી પ્રભવસ્વામીને પરદર્શનમાં ડોકિયું કરી પાત્ર મેળવવું પડેલું. અને એ ખાતર તો આજે હું એકના હાથમાં નહીં પણ બેના હાથમાં લગામ સોંપું છું. એમાંના પ્રથમ મુનિ સંભૂતિવિજય, તેમના હાથમાં પટ્ટધરપણાની દોરી. ઉપર જે ગુણો વર્ણવ્યા અને જે લક્ષણ અંકિત કર્યું અર્થાત્ એ દ્વારા જે મર્યાદા આંકી, તેમાં એ સમાય છે. તેમની વય એવા આંકે પહોંચી છે કે જેથી તેમના સહકારમાં બીજા આત્માની અપેક્ષા સહજ સંભવે. એ માટે મારી પસંદગી ભદ્રબાહુ પર ઊતરી છે. તેમના શિરે ગચ્છની સારસંભાળ યાને દેખરેખનો બોજો આવે છે–અલબત વડિલ ગુરુભાઇની સલાહ-સૂચના પૂર્વક જ. તેમની પાંગરતી યુવાની અને થનગન કરતી જિજ્ઞાસાવૃત્તિ જોતાં આ કાર્ય તેમના સરખા માટે રમત જેવું છે. મારી સાથેનો તેમનો સહવાસ દીર્ઘકાલિન ન ગણાય, છતાં જ્ઞાન પર ઓછો જ કોઇનો ઇજારો હોય છે? ચિરસહવાસી છતાં મંદબુદ્ધિ જે વર્ષોના થોકડા પછી ન પામી શકે તે બુદ્ધિમાન મામુલી ક્ષણોના પરિચયથી મેળવી લે. જ્ઞાનની શક્તિ અદ્વિતીય છે, એનો ઉપયોગ કરતાં આવડવો જોઇએ. એક જ સ્થાનમાં બે રાજા ન સંભવી શકે, એક જ મ્યાનમાં બે તરવાર ન રહી શકે, એક જ ગુફામાં બે કેશરી ન વસી શકે, એ દુન્યવી રાહ મારી દૃષ્ટિ બહાર નથી. એ નિયમને અહીં અપવાદ લાગુ પડે છે. ઉપરના દૃષ્ટાન્તોમાં શક્તિ પાછળ સત્તાનો નાદ અગ્રભાગ ભજવે છે. જે સ્થાન પર યોજ્યું છું એમાં શક્તિની અગત્ય પૂર્વવત્ છે જ, પણ પાછળની સત્તાનો છેદ ઉડાડી જ્ઞાની દશાની ગંભીરતા આણવાની છે. જેમની હું સ્થાપના કરું છું તેઓમાં એ જાતની વૃત્તિના દર્શન મને થયા છે. અર્હત્‌ના શાસનની એથી ઉન્નતિ થવાની છે એમ મારું મન સાક્ષી પૂરે છે. મારો એ સંદેશ આજનો એકત્રિત સંઘ સહર્ષ વધાવી લે, એ મારી મનોકામના છે.

શકડાલ મંત્રીશ્વર–ગુરુદેવ, આપના સરખા સૂરિવરે જે યોજના નક્કી કરી તે અમોને અંતરથી કબૂલ છે. બોલો આચાર્ય સંભૂતિવિજયજીની જય, બોલો આચાર્ય ભદ્રબાહુની જય. બોલો જૈન શાસનની જય. **ચોકસી**

## ઉપદેશક–પદ્ય

જે રાત દિવસો જાય કરતાં ધર્મની આરાધના,
તેહિ જ સફલા જાણ ચેતન! રાખ ના તેમાં મણા;
રત્નો કરોડો આપતાં પણ ક્ષણ ગએલો ના મળે,
ઉપદેશ એ પ્રભુ વીરનો સંભાળજે તું પળે પળે.

**દુહા**–ચડતીમાં ચાહે સહુ, ઝીલે ખરતા બોલ;
ધન યૌવન ઊડી જતાં, સમજાયે સહુ પોલ.
કામ હળાહળ છે છતાં, સમજે તે સુજ્ઞ ધાર;
અંધ બની અજ્ઞાનીઓ, ભટકે ભવ મોઝાર.
જ્ઞાન સમો કો ધન નહીં, સમતા સમો નહિ સુખ;
જીવન સમ આશા નહીં, લોભ સમો નહિ દુ:ખ.

For Private And Personal Use Only

# श्री तत्त्वार्थसूत्रम्-सानुवादम्।

## अष्टमोऽध्यायः

અનુવાદકાર:—મુનિશ્રી રામવિજયજી

सूत्र—(१) मिथ्यादर्शनाऽविरतिप्रमादकषाययोगा बंधहेतवः (२) सकषायत्वाज्जीवः कर्मणो योग्यान् पुद्गलानादत्ते (३) स बंधः (४) प्रकृतिस्थित्यनुभावप्रदेशास्तद्विधयः (५) आद्यो ज्ञानदर्शनावरणवेदनीय-मोहनीयायुष्कनामगोत्रान्तरायाः (६) पंचनवद्व्यष्टाविंशतिचतुर्द्विचत्वारिंशद्द्विपंचभेदा यथाक्रमम्।

(હરિગીત છંદ)

મિથ્યા દર્શન અવિરતિ વળી, પ્રમાદ ને કષાયતા,
યોગ મળીને પાંચ થાતાં, કર્મ બંધન હેતુતા;
કષાયતાના હેતુ સાથે, કર્મ યોગ્ય પુદ્‌ગલો,
લોહચુંબક સોયની જેમ, ગ્રહે જીવ જ એકલો. (૧)

બંધ તેને જિનજી કહેતાં, ચાર ભેદો સાર્થતા,
પ્રકૃતિ સ્થિતિ રસ પ્રદેશે, જીવ સાથે મિશ્રતા;
પ્રથમ ભેદે પ્રકૃતિના, આઠ ભેદો માનવા,
જ્ઞાનાવરણુ કર્મ પહેલું, ભેદ બીજા સાધવા. (૨)

દર્શન આવરણુ બીજું, વેદનીય ત્રીજું કહે,
મોહની વળી કર્મ ચોથું, ભવિક જન તે સદ્દહે;
આયુષ્ય કર્મ પાંચમું છે, છઠ્ઠું કર્મ નામનું,
ગોત્ર કર્મ સાતમું ને, આઠમું અંતરાયનું. (૩)

પાંચ નવ બે વીશ અધિકે, આઠ સાથે યોગમાં,
ચાર બેંતાલીશ બેથી, પાંચ સંખ્યા સાથમાં;
ભેદ આઠે પ્રતિભેદે, ભેદ સંખ્યા હવે સુણો;
સૂત્રશૈલી હૃદય ધરંતાં, કર્મ આઠેને હણો. (૪)

सूत्र—(७) मत्यादीनाम् (८) चक्षुरचक्षुरवधिकेवलानां निद्रा-निद्रानिद्राप्रचलाप्रचलाप्रचलास्त्यानगृद्धिवेदनीयानि च (९) सदसद्वेद्ये (१०) दर्शनचारित्रमोहनीयकषायनोकषायवेदनीयाख्यास्त्रिद्विषोडशनवभेदाः सम्यक्त्वमिथ्यात्वतदुभयानि कषायनोकषायावनन्तानुबंध्यप्रत्याख्यानप्रत्या-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ख्यानावरणसंज्वलनविकल्पाश्चैकशः क्रोधमानमायालोभहास्यरत्यरतिशोक-भयजुगुप्सास्त्रीपुंनपुंसकवेदाः ( ११ ) नारकतैर्यग्योनमानुषदैवानि ।

પ્રથમ કર્મભેદ પાંચે, સુણો સૂત્રથી સુદા,
મતિજ્ઞાનાવરણ નામે, પ્રથમ ભેદ જ સર્વદા;
શ્રુતજ્ઞાનાવરણ નામે, અવધિજ્ઞાનાવરણથી;
મનઃ કેવલજ્ઞાન એના, મળી પંચાવરણથી. ( ૫ )

ચક્ષુદર્શન પ્રથમ ભાખ્યું, બીજું અચક્ષુતણું,
અવધિ ત્રીજું ચોથું કેવળ, દર્શન ચારે ભણું;
ચાર દર્શન ઢાંકનારા, આવરણ જ ચારથી,
પાંચ નિદ્રા ભેદ સાથે, સુણો તેહ વિચારથી. ( ૬ )

નિદ્રાતણો વળી ભેદ પહેલો, નિદ્રાનિદ્રા સાથમાં,
પ્રચલા ત્રીજો ભેદ ચોથો, પ્રચલાપ્રચલા યોગમાં;
થીણદ્ધિ પંચમ ભેદ મળતાં, થાય નવ સંખ્યા ભલી,
કર્મ બીજું ભેદ નવથી, સુણી કલના મેં કલી. ( ૭ )

શાતા અશાતા ભેદ બેથી, કર્મ ત્રીજું સુણતાં,
મોહનીય નામ ચોથું, ભેદ અઠ્ઠાવીશ થતાં;
અનંતાનુબંધી પહેલો, અપ્રત્યાખ્યાની વળી,
પ્રત્યાખ્યાનો ભેદ ત્રીજો, સંજ્વલન ચોથો મળી. ( ૮ )

કષાય ચારે ક્રોધ માને, માયા લોભે ગુણતાં,
ભેદ સોળ જ થાય તેના, ભવિ સુણજો ભાવતાં;
હાસ્ય રતિ વળી અરતિ શોકે, ભય દુગંછા સાથમાં,
સ્ત્રી નપુંસક પુરુષવેદે, થાય પચ્ચીશ યોગમાં. ( ૯ )

સમકિત મિશ્ર મિથ્યાત્વ મોહે, ભેદ ત્રણ મીલન થતાં,
ભેદ અઠ્ઠાવીશ સૂત્રે, મોહનીની એકતા;
નારકી તિર્યંચ નરના, દેવ આયુ મેળવી,
ભેદ ચારે આયુ કર્મ, સૂત્રબુદ્ધિ કેળવી. ( ૧૦ )

सूत्र—( १२ ) गतिजातिशरीराङ्गोपाङ्गनिर्माणबंधनसंघातसंस्थान-संहननस्पर्शरसगंधवर्णानुपूर्व्यगुरुलघूपघातपराघातातपोद्योतोच्छ्वासविहायो-गतयः प्रत्येकशरीरत्रससुभगसुस्वरशुभसूक्ष्मपर्याप्तस्थिरादेययशांसि सेतराणि तीर्थकृत्त्वं च ( १३ ) उच्चैर्नीचैश्च ( १४ ) दानादीनाम् ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગતિ જાતિ ભેદે તનુ ઉપાંગે, બંધ સંઘાતન ગણ્યા,
સંઘયણ સંસ્થાન વર્ણ, ગંધ રસ સ્પર્શ જ તણા;
આનુપૂર્વી ગતિવિહાયે, ચૌદ ભેદો માનવા,
પરાઘાત શ્વાસોશ્વાસ ને વળી, આતપ સ્વીકારવા. (૧૧)

ઉદ્યોત અગુરુલઘુ તીર્થંકર, નિર્માણ જ ઉપઘાતના,
ત્રસ બાદર વળી પર્યાપ્ત, પ્રત્યેક સ્થિર શુભ જ ભણ્યા;
સૌભાગ્ય ને આદેય સુસ્વર, યશ દસકો જાણતાં,
ઇતર સાથે એમ બેંતાલીશ, નામકર્મ પીછાણતાં. (૧૨)

ગોત્ર કર્મ સાતમું છે, ઊંચ નીચ બે ભેદમાં,
અંતરાય કર્મ આઠમું છે, દાન લાભ જ ભોગમાં;
ઉપભોગ વીર્ય પાંચ વસ્તુ, અટકળી જે કર્મથી,
અંતરાય કર્મ સમજ ભાવે, સૂત્રસાખે મર્મથી. (૧૩)

सूत्र—( १५ ) आदितस्तिसृणामन्तरायस्य च त्रिंशत्सागरोपमकोटीकोट्यः परा स्थितिः ( १६ ) सप्ततिर्मोहनीयस्य ( १७ ) नामगोत्रयोर्विंशतिः ( १८ ) त्रयस्त्रिंशत्सागरोपमाण्यायुष्कस्य ( १९ ) अपरा द्वादशमुहूर्ता वेदनीयस्य (२०) नामगोत्रयोरष्टौ ( २१ ) शेषाणामन्तर्मुहूर्तम् ( २२ ) विपाकोऽनुभावः ( २३ ) स यथानाम ( २४ ) ततश्च निर्जरा ( २५ ) नामप्रत्ययाः सर्वतो योगविशेषात्सूक्ष्मैकक्षेत्रावगाढस्थिताः सर्वात्मप्रदेशेष्वनन्तानन्तप्रदेशाः (२६) सद्वेद्यसम्यक्त्वहास्यरतिपुरुषवेदशुभायुर्नामगोत्राणि पुण्यम् ।

પ્રથમ બીજા કર્મ ત્રીજા, કર્મ છેલ્લાતણી સુણો,
સ્થિતિ મોટી ત્રીશ સાગર, કોટાકોટીની ભણો;
સીત્તેર સાગર કોટાકોટી, મોહની સ્થિતિ સહી,*
તેત્રીશ સાગર આયુકેરી, સ્થિતિ સૂત્રમાં કહી. (૧૪)

વેદનીયની સ્થિતિ નાની, બાર મુહુરત માનથી,
નામ ગોત્ર કર્મ બંને, આઠ મુહુરત યોગથી;
મુહૂર્ત્ત અંતર સ્થિતિ નાની, શેષ કર્મ પંચમાં,
વિપાક કર્મ યથા નામે, નિર્જરાના સંચમાં. (૧૫)

નામ કર્મ કારણોથી, સર્વ દિશાસ્થાનના,
યોગબળથી સૂક્ષ્મ એક જ, ક્ષેત્ર અવગાહીતણા;

* નામ તથા ગોત્રકર્મની વીશ કોટાકોટી સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે તે અનુવાદમાં સૂચવવી રહી ગઇ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવ સર્વ પ્રદેશમાંહિ, કર્મ સ્કંધો સંક્રમે,
અનંત વળી અનંત એવા, કર્મગણુથી ન વિરમે. (૧૬)

વેદ્યશાતા મોહ-સમકિત, હાસ્ય રતિ પુરુષની,
શુભ આયુ નામ ગોત્ર, શુભ પુન્ય પ્રકૃતિ ગણી;
ઇતર સર્વ પ્રકૃતિયો, પાપમાંહિ તે ભળી,
અધ્યાય અષ્ટમ સૂત્ર વાંચી, કર્મ કલના મેં છળી. (૧૭)

इति संग्रहकार-वाचकवर-श्रीमदुमास्वातिविरचित-तत्त्वार्थसूत्रे शास्त्र-विशारद-कविरत्नाचार्य-श्रीमद्विजयामृतसूरीश्वरपादपद्मपरागस्वादरागे षट्-पद-मुनिरामविजयविरचित-गुर्जरभाषानुवादसंकलितः अष्टमोऽध्यायःसंपूर्णः ।।

## ભરતચક્રીને જાગૃત રાખનાર વાક્ય

" जीतो भवान् वर्धते भीः तस्मान्मा हन मा हन "

" તમે જીતાયેલા છો, ભય વધે છે માટે મ હણો, મ હણો. "

ભરતચક્રીએ સર્વ સ્વામીભાઇઓને જમાડવાની વ્યવસ્થા કરી હતી. તેમને કહી રાખ્યું હતું કે-તમે જમીને જાઓ ત્યારે મારી પાસે આવીને ઉપર જણાવેલું વાક્ય કહેતા જજો જેથી મને સતત જાગૃતિ રહ્યા કરશે. આ વાક્યમાં ' મા હન મા હન ' શબ્દ છે તેનું તાત્પર્ય એ છે કે-" તમારા આત્માને ન હણો, ન હણો-તેનું અહિત થાય તેવું કાંઇ પણ ન કરો, ન કરો. "

આ વાક્ય સાંભળીને ચક્રવર્તી મહારાજા ભરત સ્વયં વિચાર કરી આત્મ-દર્શન કરતાં. પોતાથી આત્માને અહિતકર કંઇ પણ થયું નથી ને? તેનો વિચાર કરતાં. અને કદાચ જો તેવું કંઈ થઈ ગયું હોય તો તેનો પશ્ચાત્તાપ કરી, ફરી તેવું કાર્ય ન કરવાનો દૃઢ નિર્ણય કરતાં. તેમનું ભવભીરુપણું જુઓ!

આ પ્રમાણે કહેનારા શ્રાવકો માહન એટલે બ્રાહ્મણ કહેવાણા-તે નામથી ઓળખાણા. પછી તો શ્રાવકોની સાથે અન્ય માણસો પણ આ ભોજનાલયનો લાભ લેવા લાગ્યા એટલે શ્રાવક તરીકેની નિશાની માટે ભરતચક્રીએ કાંકણી-રત્નથી ત્રણ રેખાવાળા કર્યા. ત્યારપછી સોનાની, રૂપાની અને પ્રાંતે ત્રણ દોરાની જનોઇ રાખનારા થયા. વિશેષ જાણવાના જિજ્ઞાસુએ શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર પર્વ પહેલું વાંચવું.

કુંવરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ-પાલીતાણા.

## સં. ૨૦૦૦ ના પોષ તથા મહા માસની પત્રિકા

**ધાર્મિક પ્રવૃત્તિઓ**:—બંને માસ દરમિયાન સામાયિક, આઠમ તથા ચૌદશ પ્રતિક્રમણ, શત્રુંજયની યાત્રા, પ્રભુ-પૂજા, મુનિવંદન વિગેરે ક્રિયાઓ નિયમ મુજબ થયેલ હતી.

**દહેરાસરની વરસગાંઠ**:—મહા શુ. ૬ના રોજ સંસ્થાના ઘર દહેરાસરની વરસગાંઠ હોવાથી અમદાવાદનિવાસી શેઠ દલપતરામ પ્રેમચંદ હા મણિબેન તરફથી દહેરાસરમાં મોટી પૂજા, આંગી તથા ધ્વજારોપણ તેમજ વિદ્યાર્થીઓને મિષ્ટાન્ન આપવામાં આવ્યું હતું. મહા શુ. ૧૩ ના રોજ પણ શેઠ નરોત્તમદાસ ભાણજી તરફથી મોટી પૂજા ભણાવવામાં આવી હતી.

**આવક**:—

| | પોષ | મહા |
|---|---|---|
| | રૂા. આ. પા. | રૂા આ. પા. |
| શ્રી જ. નિર્વાહ ફંડ | ૧૫૭-૪-૦ | ૨૧૩-૦-૦ |
| શ્રી ભોજન ફંડ | ૨૨૮-૮-૦ | ૧૧૭-૦-૦ |
| શ્રી સ્વા૦ ટ્રસ્ટ ફંડ | ૭૫૨-૦-૦ | ૨૫૧-૦-૦ |
| શ્રી દૂધ તિથિફંડ | ૧૦૧-૦-૦ | ૦-૦-૦ |
| સ્વ. કું. મૂ. શાહ સ્મારક વ્યાયામશાળા ફંડ | ૧૦૧-૦-૦ | ૦-૦-૦ |
| શ્રી કેળવણી ફંડ | ૦-૦-૦ | ૧૫૦૩-૦-૦ |

**જમણવાર**:—

| | | |
|---|---|---|
| ૧. | શેઠ રમણલાલ લાલભાઈ | અમદાવાદ. |
| ૨. | શેઠ દલપતરામ પ્રેમચંદ હ. મણિબેન | અમદાવાદ. |
| ૩. | શેઠ નરોત્તમદાસ ભાણજી | સાન્ટાક્રુઝ. |
| ૪. | શેઠ માણેકલાલ મનસુખભાઇ | અમદાવાદ. |

**ભેટ**:—શાહ કાળીદાસ પાનાચંદ હસ્તુ જુદા જુદા દહેરાસરો તથા પેઢીઓમાંથી ગામ અમદાવાદ. કેસર તોલા ૧૯, વાળાકુંચી ૫, અગરબત્તી શે. ૨.

**મુલાકાત**:—શેઠ ઉદાજી ધુળાજી ગામ જાખડીવાળા, ગાંધી પ્રાણજીવન હરગોવિંદ તથા ગાંધી પોપટલાલ હરગોવિંદ, શાહ કાલીદાસ માનચંદ વડવાસા, શા રૂગનાથ જીવરાજ-ધ્રાંગધ્રા, શેઠ રમણલાલ લાલભાઈ-અમદાવાદ, શ્રી ઓચ્છવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાલભાઇ તથા શ્રી હરિભાઇ-અમદાવાદ, શાંતિલાલ જમનાદાસ વૈદ્ય-વડોદરા, શેઠ જીવણલાલ છોટાલાલ-અમદાવાદ, શેઠ ફકીરચંદ લાલચંદ-અમલસાડ, શેઠ હર્ષદરાય નરોત્તમદાસ-સાન્ટાક્રુઝ તથા અ. સૌ. ચંદનબેન દામોદરદાસ શેઠ.

**ખાસ મુલાકાતઃ**—શ્રી પ્રાણજીવનભાઇ હ. ગાંધી તથા શ્રી પોપટલાલ હ. ગાંધીએ સંસ્થાની ખાસ મુલાકાત લઇ બધી બાબતો ઝીણવટથી તપાસી હતી તથા પોતાના અનુભવો અને વિચારોની આપ-લે કરી જરૂરી સુધારાવધારા કરવા સૂચનાઓ કરી હતી. વિદ્યાર્થીઓને પ્રવાસ કરાવવામાં આવે તે માટે ભારપૂર્વક સૂચના સાથે રૂા. ૧૦૧) તે માટે આપ્યા હતા. તેમજ સઘળા વિદ્યાર્થીઓને ફ્રુટનો નાસ્તો આપ્યો હતો.

**પ્રવાસઃ**—સુપ્રિ. સાથે વીશ વિદ્યાર્થીઓની એક ટુકડી પગપાળા પ્રવાસે મોકલવામાં આવેલ. અત્રેથી સોનગઢ, શીહોર, ભાવનગર, ઘોઘા, કોળીયાક, તણસા, ત્રાપજ, તળાજા, મહુવા, ખુંટવડા, છાપરીયાળી, જેસર, રોહીશાળા વિગેરે સ્થળે સૌ ગયા હતા. જ્યાં સ્થાનિક સંઘો અગર જુદી જુદી વ્યક્તિઓએ વિદ્યાર્થીઓના ખાનપાન આદિથી યોગ્ય સત્કાર કર્યો હતો. બીજી ત્રણ ટુકડીઓ કદંબગિરિ, ચોક, તળાજા-મહુવા વિગેરે સ્થળે પણ ગયેલ હતી.

**ધાર્મિક પરીક્ષાઃ**—શ્રી જૈન શ્વે૦ એજ્યુ૦ બોર્ડ-મુંબઇ તરફથી લેવામાં આવેલ પરીક્ષામાં ૨૫ માંથી ૨૩ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા હતા તથા ઇનામ રૂા. ૭૫ા નું આવેલ છે.

**વ્યવહારિક વાર્ષિક પરીક્ષાઃ**—પરીક્ષામાં બેઠેલા ૯૮ વિદ્યાર્થીઓ પૈકી ૮૨ પાસ થયા છે. મેટ્રિકની પરીક્ષામાં ત્રણ વિદ્યાર્થીઓ બેઠા હતા. ત્રણેને ફોર્મ મળેલ છે.

**સ્ટેટમાં લગ્નપ્રસંગઃ**—નામદાર ઠાકોર સાહેબના કુંવરી સાહેબ શ્રી દ્રુપદકુંવરબાના શુભ લગ્નપ્રસંગે સંસ્થાના સાત વિદ્યાર્થીઓને વોલંટીયર તરીકે સેવા કરવાની તક મળી હતી.

**સ્વામિવાત્સલ્ય ટ્રસ્ટ ફંડમાં હજુ છ માસની તિથિઓ ખાલી છે. સિદ્ધક્ષેત્રમાં કાયમી અમર નામનો લ્હાવો જરૂર લેવા કૃપા કરશો.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શેઠ સવચંદ કચરાભાઇનું ખેદકારક પંચત્વ

માંગરોળનિવાસી આ બંધુ સેવાભાવી તેમજ તપસ્વી હતા. મુંબઈ જઈ લંડન જતી સ્ટીમરોની દલાલી શરૂ કરી અને આપબળે આગળ વધી સારું દ્રવ્યોપાર્જન કર્યું. આજીવિકાની ચિંતાથી મુક્ત થયા બાદ છેલ્લા પચ્ચીશ વર્ષથી તેમણે સેવાનું ક્ષેત્ર પસંદ કર્યું. દશ વર્ષ સુધી પાલીતાણા ભોજનશાળા અને આયંબિલશાળાના સેક્રેટરી તરીકે સેવા બજાવી. સાધુ-સાધ્વીની વૈયાવચ્ચમાં પણ સારો રસ ધરાવતા અને શેઠ પ્રેમજી અભેચંદભાઇ માંગરોળવાળાનું રસોડું પાલીતાણાખાતે તેઓ સારી રીતે ચલાવતા.

તેઓ માત્ર સેવાભાવી હતા એટલું જ નહિ પણ તપસ્વી પણ હતા. તેમણે પોતાના જીવન દરમિયાન ૩૧, ૨૭, ૨૧ અને ૧૦ ઉપવાસની તપશ્ચર્યા કરી હતી. ઉપધાનતપનું વહન કરેલ અને વર્ધમાન તપની પીસ્તાલીશ ઓળી કરેલ. છેલ્લા વીશ વર્ષથી કાયમ ઠામ ચોવિહાર કરતા હતા. મેસાણાખાતે આ. શ્રી વિજયભક્તિસૂરિને વંદન કરવા જતાં ત્યાં જ તેઓ સ્વર્ગવાસી થયા.

સભાના કાર્યથી આકર્ષાઇ તેઓ ઘણાય વર્ષોથી સભાના સભાસદ થયા હતા અને તેના કાર્યમાં સારો રસ લેતા. સીત્તેર વર્ષની વયે થયેલા તેમના સ્વર્ગવાસથી અમો દિલગીરી વ્યક્ત કરીએ છીએ અને તેમના સ્નેહીજનોને દિલાસો આપવા સાથે સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ.

## એક પદ ( હરિયાળી )

ગુરુને મંગાઇ ભિક્ષા, ઝોલી ભર ભર કે લાના,
પહેલે પહોરે આટા લાના, ગામ વસ્તી મેં મત જાના;
ભાઈ બ્હેનકું છોડકર આના, ઝોલી ભર ભર કે લાના. ગુરુ૦

દુસરે પહોરે લકડી લાના, ઝાડી જંગલમેં મત જાના,
લીલા સુકેકું છોડકર આના, ગઠા બાંધકે લાના. ગુરુ૦

તીસરે પહોરે પાણી લાના, નદી સરોવર મત જાના,
કુવા તલાવકું છોડકર આના, તુંબા ભર ભરકે લાના. ગુરુ૦
ચોથે પહોરે દરિશન લાના, દેવમંદિર મેં મત જાના,
નયના ભર ભર કે લાના, ચેલા ઝોલી ભર કે લાના. ગુરુ૦

જેનો અર્થ ગુપ્ત હોય તેને હરીયાળી કહેવામાં આવે છે. આનો અર્થ પણ ગુપ્ત છે. એક વિદ્વાન આના અર્થ તરીકે **શ્રીફળ** કહે છે. તેનો આટો એટલે ભોજનરૂપ ટોપરું છે, પાણી તરીકે મીઠું-પાણી છે, કાષ્ઠ તરીકે તેના કાચલા છે અને ચોટલી ઉખેડીયે તો બે આંખો દેખાય છે. આ સિવાય કોઈ વિદ્વાન બીજો અર્થ જણાવશે તો તે પ્રગટ કરશું.

આ પદ પંન્યાસજી શ્રી પ્રીતિવિજયજીએ મોકલેલું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156



## છુટક વેચાણ મગાવનારને સૂચના

શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રનો સેટ, શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતરનો સેટ તથા શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથાનો સેટ મગાવનારને જણાવવાનું કે-સેટની જે કિંમત ઓછી લેવામાં આવતી હતી તે હવેથી છુટામાં જણાવ્યા પ્રમાણે પૂરી લેવામાં આવશે.

## શ્રી વૈરાગ્યકલ્પલતા ગ્રંથ

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત આ પદ્યબંધ ગ્રંથ અમદાવાદનિવાસી પંડિત ભગવાનદાસ હરખચંદ તરફથી હાલમાં બહાર પડેલ છે. ગ્રંથ ઉપમિતિ ભવપ્રપંચા કથાનું સ્મરણ કરાવે તેવો તે જ સ્વરૂપમાં બનાવેલો છે. અત્યુત્તમ ગ્રંથ છે. શ્લોકસંખ્યા સાત હજાર છે. કિંમત રૂ. ૬) રાખેલ છે. તે અમારે ત્યાંથી પણ મળશે. જરૂર મંગાવો ને લાભ લ્યો.

## શ્રી ગુણવર્મા ચરિત્ર ભાષાંતર

મૂળ સંસ્કૃત ઉપરથી પંડિત પાસે શુદ્ધ ગુજરાતીમાં ભાષાંતર કરાવીને પં. શ્રી વીરવિજયજીના ઉપાશ્રય તરફથી હાલમાં પ્રગટ કરવામાં આવેલ છે. કિંમત આઠ આના. ખાસ વાંચવા લાયક છે. પોસ્ટેજ બે આના. જરૂર મંગાવો. અમારે ત્યાંથી મળી શકશે.

સત્તર ભેદી પૂજા કરનારની ૧૭ કથાઓ આમાં છે.

## શ્રી નવપદજીની પૂજા-સાર્થ

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી આદિ કૃત આ શ્રી નવપદજીની પૂજા ઘણી જ પ્રચલિત છે. આયંબિલની ઓળી કરનાર માટે દરેક પદના ગુણો, વિધિ તથા ચૈત્યવંદન-સ્તવનાદિ વિસ્તારથી આપવામાં આવ્યા છે. ચૈત્રી ઓળી નજીક આવતી હોવાથી પ્રચારાર્થે હાલમાં તેની ત્રીજી આવૃત્તિ પ્રગટ કરવામાં આવી છે. જરૂર મગાવો ને લાભ લ્યો. કિંમત ચાર આના.

## પંચ પ્રતિક્રમણ સૂત્ર—મૂળ. શાસ્ત્રી

મૂળ સુંદર ટાઇપમાં છપાવેલ આ બુકમાં પંચ પ્રતિક્રમણ, નવ સ્મરણ, ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિ, છંદ તથા વિધિઓ વિગેરેનો સમાવેશ કરેલ છે. વિદ્યાર્થીઓને ખાસ અભ્યાસ કરવા યોગ્ય છે. કાગળની અતિશય મોંઘવારી છતાં જ્ઞાન-પ્રચારનો હેતુ જાળવવા માટે અમે કિંમત વધારી નથી. છુટક નકલના આઠ આના. સો નકલના રૂ. ૪૫). પોસ્ટેજ ત્રણ આના.

## સ્નાત્ર સંગ્રહ અને અષ્ટપ્રકારી પૂજા

આ બુક હાલમાં જ અમે છપાવી છે. તેમાં શ્રી દેવચંદ્રજી તથા પં. વીરવિજયજીના સ્નાત્ર ઉપરાંત પૂર્વાચાર્યકૃત સ્નાત્ર જે હાલમાં પ્રચારમાં નથી તે દાખલ કર્યું છે. તેમાં શ્રી ઋષભદેવનો ને પાર્શ્વનાથનો એમ બે કળશ છે. જેને પાંચ સ્નાત્ર ભણાવવા હોય તેને માટે શાંતિનાથજીનો કળશ પણ આ બુકમાં દાખલ કર્યો છે. ત્યારપછી શ્રી દેવવિજયજીકૃત અષ્ટપ્રકારી પૂજા દાખલ કરી છે તે અષ્ટપ્રકારી પૂજા કરતાં દરેક પૂજાના પ્રારંભમાં બોલવા લાયક છે. તેમાં તે પૂજા સંબંધી જ વર્ણન છે. ખાસ કંઠે કરવા લાયક છે. કિંમત ત્રણ આના રાખવામાં આવી છે. ખાસ મંગાવો.



મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઇ-શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ દાણાપીઠ-ભાવનગર

For Private And Personal Use Only